Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

# કડવા વિજય.

જાન્યુઆરી, ફેબ્રુઆરી સને ૧૯૧૭.

परिवर्तिनि संसारे मृतः को वा न जायते
स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી.
તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-
ઉન્નતિને પામે છે.

અધિપતિ,
**પટેલ મોતીલાલ કાળીદાસ,**
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

પ્રકાશક,
**પટેલ મોતીલાલ કાળીદાસ.**
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક-અમદાવાદ.

પત્રવ્યવહારનું સરનામું-પુરૂષોત્તમ લલ્લુભાઇ પરિખ.
કડવા વિજય ઑફીસ.
હાજાપટેલની પોળમાં ખારાકુવાની પોળ નં. ૧૪૪૭—અમદાવાદ.

વાંર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦.

Printed by the Editor at his Satyanarayan Printing Press.
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD

Registered No. B. 708.

॥ श्री उमादेव्याः कृपास्तु ॥

# કડવા વિજય.

જાન્યુઆરી, ફેબ્રુઆરી સને ૧૯૧૭.

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥

પરિવર્તન પામતા સંસારમાં મૃત્યુ પામેલો કોણ જન્મતો નથી.
તેજ ખરો જન્મે છે કે જેના જન્મથી સ્વવંશ-જ્ઞાતિ-
ઉન્નતિને પામે છે.

અધિપતિ,
**પટેલ મોતીલાલ કાળીદાસ,**
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક—અમદાવાદ.

પ્રકાશક,
**પટેલ મોતીલાલ કાળીદાસ.**
શ્રી સત્યનારાયણ પ્રી. પ્રેસના માલીક—અમદાવાદ.

પત્રવ્યવહારનું સરનામું—પુરૂષોત્તમ લલ્લુભાઇ પરિખ.
કડવા વિજય ઑફીસ.
હાજાપટેલની પોળમાં ખારાકુવાની પોળ નં. ૧૪૪૭—અમદાવાદ.

વાંર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂ. ૧-૪-૦.

Printed by the Editor at his Satyanarayan Printing Press.
Near Civil Hospital, Panabhai's Vadi—AHMEDABAD.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | | પૃષ્ટ. |
|---|---|---|
| ૧. | જીવને. ... ... ... ... ... ... ... | ૧ |
| ૨. | અમારૂ નવીન વર્ષ. ... ... ... ... ... ... | ૧ |
| ૩. | પ્રભુ કૃપાથી પ્રતિજ્ઞા પાળી. ... ... ... ... ... | ૪ |
| ૪. | શ્રી નિમાડ કડવા પાટીદાર સભા. ... ... ... ... | ૬ |
| ૫. | ઉત્તરાયણનું દાન. ... ... ... ... ... ... | ૧૬ |
| ૬ | કણબી ક્ષત્રિય મહાસભા. ... ... ... ... ... | ૧૭ |
| ૭. | ચોથી પાટીદાર પરિષદ અને સૌરાષ્ટ્ર પાટીદાર સભા. ... ... | ૧૮ |
| ૮. | ગામડાના ખેડુતોની હાડમારીઓ. ... ... ... ... | ૧૮ |
| ૯. | સૌ. પાર્વતીનાં લગ્ન. — — ... ... ... | ૨૭ |
| ૧૦. | પાંદરા સમાજ વખતે આપેલું ભાષણ. ... ... ... ... | ૩૦ |


## અમારા ગ્રાહકોને નમ્ર વિનંતિ.

જે જે સદ્‌ગૃહસ્થોના લવાજમ બાકી હોય તેમણે કૃપા કરી માસિકની સ્થિતિ સુધારવા પોતાના લવાજમ બનતી તાકીદે મોકલી આપી અમારા કામને ઉત્તેજન આપવા અમારી સર્વે ગ્રાહકોને વિનંતિ છે. વિશેષમાં જે જે ગૃહસ્થોએ અમને મદદ આપવાનું વચન આપ્યું તેમને અમે આપેલું વચન ફરી યાદ કરાવવાની છુટ લઇએ છીએ. અસ્તુ.

## ખાસ ફંડની પહોંચ.

૨૭) ગયા અંકમાં પહોંચ આપ્યા મુજબ.

| | |
|---|---|
| ૨૫) પટેલ વિશ્રામ દેવજી ઘાટકોપર | ૫૧) પા. દેવાજી રૂસાત. કું વાં (માલવા) |
| ૫૦૧) શે. સા. દુર્ગાપ્રસાદભાઇ લશ્કરી | ૫) પા. ઓંકારજી દાવડા. કસરાવાદ " |
| ૨૫૧) ના. કું. શ્રી લાલસિંહજીભાઈ | ૫) પા. ભીલાજી કેશવ " |
| ૫) પા. નાથાભાઇ રાયજીભાઈ વટાદરા | ૮) પા. વાલજી શીવાજી બાલસમુદ " |
| ૨) પા. બાબરભાઇ જીવાભાઇ ભુવેલ | ૩) પા. ઓંકારજી રાયજી અંદોરી " |
| ૫) પા. નાથાભાઇ છગનલાલ સેરથા | ૫) પા. જોઈતારામ ભાવજી કડોલી |
| ૨૬) રા. ચુનીલાલ દલસુખરામ વિરમગામ. | ૧૦) શીવજી દેવરાજ સેરથા. |
| ૫) પા. પુરૂષોત્તમદાસ હરગોવીંદદાસ વડોદરા | ૨૧) પા. જીવરાજ ખેતસી ગડાણી (કચ્છ) |

કુલ. ૯૫૫)

આજ તા. ૨૪–૪–૧૭ સુધી કુલ વસુલનો સરવાળો

તે પૈકી રૂ. ૬૦૧) શેઠ બહેચરદાસ અંબાઇદાસની પેઢીમાં તા. ૧૭–૩–૧૭

રૂ. ૨૫૧) કુમારશ્રી લાલસિંહજીભાઇને ત્યાં

રૂ. ૭૫) કડવા વિજયના દેવા પેટે પા. મોતીલાલ કાળીદાસ પ્રેસવાળાને એ

પ્રમાણે રૂ. ૯૨૭ મુકયા છે.

# કડવા વિજય.

પુસ્તક ૧૦ મું. જાન્યુઆરી, ફેબ્રુઆરી સને ૧૯૧૭. અંક ૧-૨

## જીવને.

મુરખ જીવ તું મર કાં અભિમાને
ત્હારે રહેવું ન ઠરી આ સ્થાને—મુરખ૦

ભોગવ તું ધનમાલ મહાલો ઉપવન પુષ્પ ગુફાને,
ત્યાગી જશે તું એ તજતાં તનનાવ તણુંજ સુકાને—મુરખ૦
રાજ્ય વળી મહારાજ્ય તુટે છો તુજ બળ કળ ને જ્ઞાને,
પણ યમ આગળ વ્યર્થ જશે એ બળ કળ જ્ઞાન તુફાને—મુરખ૦
તાજ તું લે જગ રાજ્યતણો વળી વૈભવ ઇંદ્ર સમાને,
પણ ઘડી એનું સ્વપ્ન જતાં નિજ રહેશે ન નામ !નિશાને—મુરખ૦
શ્વેત કે રક્ત આ સુંદર તનડું કર નિરખી ન ગુમાને,
એ મળશે માટી મહીં કાંતો ભસ્મ થશેજ શ્મશાને—મુરખ૦
કંઇ કંઇ જુઠાં કપટ કરી તું પાપ ભરે શું ન ભાને,
ભવસાગરમાં ભમી મરશે પણ મળશે ન સુખનું સ્થાને— મુરખ૦
તજ એ મમતા પ્રભુ ભજ બાપુ સત્યવાદી વ્રત સ્હાને,
ધર્મ સનાતન સત્ય કહે છે મળશે સ્વર્ગ વિમાને—મુરખ૦

કુબેર.
+ સેવાભિલાષી મંડળ.

## અમારૂ નવીન વર્ષ.

પરમકૃપાળુ પરમાત્માની અપાર કૃપાવડે આજે આપણે નવમું વર્ષ પૂર્ણ કરી અવ• નવી આશાઓથી ઉછળતા અંતઃકરણે નવા દશમા વર્ષમાં પ્રવેશીએ છીએ તે નવા વર્ષ દરમ્યાન આપણા કાર્યની રૂપરેખા આંકતા પહેલાં આપણે એકવાર પૂર્ણ થતા નવમા વર્ષનાં ઇતિહાસના આંતરમાં પાછા વળી નિહાળવું જોઇએ. તે પુરા થતાં વર્ષમાં આપણે આપણા લક્ષ્ય બિંદુ તરફ કેટલા આગળ વધ્યા છીએ, આપણે કઈ કઈ નવી પ્રવૃતિ શરૂ કરી છે ને જુનીમાં પણ કેટલાક આગળ વધ્યા છીએ, તેનું વણિક બુદ્ધિથી તારણ કાઢી પછી આપણી નવિન પ્રવૃત્તિની શરૂઆત કઇ દિશામાં કેવા રૂપે કરવી તે ઠીક જાણી શકાય.

× સાહિત્યાભિલાષીનુ બદલેલું નામ.

પ્રથમ થોડા સમય સુધી ધારણ કરેલી શાંતિથી આપણામાં આવી ગયેલી શીથીલતાને આપણે નવા વર્ષ દરમ્યાન તજીને ઉત્સાંહ ભેર આપણું કામ આગળ ચલાવવા કમર બંધ થયા છીએ. કચ્છ અને માળવાના આગેવાન જ્ઞાતિ બંધુઓ ધ્રાંગધ્રાની બેઠકમાં પધાર્યાં હતા અને તેઓએ પોતાના પ્રદેશમાં જઈ ઉન્નતિની હીલચાલ કરવા માંડી છે. જેના પ્રતાપે કચ્છ બન્ધુઓ પણ સારી જાગૃતિમાં આવ્યા છે. તેમજ માળવા—નિમાંડમાં વસ્તા આપણા જ્ઞાતિબન્ધુઓની ઉન્નતિ ખાતર ભુદેવ વ્યાસ રામચંદ્રજી અને દેવાજી રૂંસાત વગેરે શમજુ ને દીર્ઘદર્શી કર્મ યોગીઓનાં સંગીન ને વ્યવહારૂ પ્રયાસથી તે પ્રદેશમાં પદ્ધતિસર નિયમીત હિલચાલ ચાલતી રહે તે હેતુથી “ શ્રી નિમાડ કડવા પાટીદાર સભા ” નામક સંસ્થા સ્થાપી છે.

બીજું વડોદરા આસપાસ આપણા જ્ઞાતિબન્ધુઓ પૈકી ઉત્સાહી આગેવાન જ્ઞાતિભક્તો તરફથી થયેલા વારંવારના આગ્રહથી તે પ્રદેશમાં જાગૃતિ આણવા સમાજનું છઠું સંમેલન ગયા ડિસેમ્બર આખરે પાદરાગામમાં રાખ્યું હતું. તેના પ્રતાપે આપણે તે પ્રદેશમાં સુધારાનો નવો પ્રકાશ પાડી એકનવા જમાનાની શરૂઆત કરી ત્યાંના આગેવાનોને આંજી નાંખી આશ્ચર્ય ચકિત કર્યા છે એ મેળાવડામાં નિમાડસ્થ પાટીદાર સભાના આગેવાનોએ આવી ઉત્સાહ ભર્યો ભાગ લઈ પોતાના દેશમાં ગયા પછી ત્યાં કુવા ગામે પોતાની સંસ્થાની પહેલા બેઠક રાખવા ઠરાવ્યું છે. પ્રભુ તેમને તે યત્નમાં યશસ્વી બનાવો એ મારી પ્રાર્થના છે.

ઉપરાંત ગત વર્ષની મળેલી એજ બેઠકમાં સમાજની આર્થિક સ્થિતિ સુધારવા એક “ ખાસ ફંડ ” ઉભુ કર્યું છે જેના પ્રતાપે એ સંસ્થાના અને “ કડવા વિજયના ” ઉજ્વલ ભાવિની આશા રહે છે.

આ પ્રમાણે આપણી હિલચાલે હવે પોતાની હદ માળવા સુધી વિસ્તારી છે અને આપણે વાસ્તે નવું કામ ઉઘાડ્યું છે. એ ઉપરાંત આપણે ઓણ શરૂ કરેલા “ ખાસ ફંડ ને વિશેષ લોકપ્રિય બનાવવા આપણી કાર્ય પ્રનાલીકાને કાંઇક વધારે આકર્ષક બનાવવી પડશે તે માટે અમો સમાજ તરફ સહૃદયે જોનારા સઘળા શુભેચ્છકોનું ધ્યાન ખેંચીએ છીએ ફંડને વાસ્તે કામ કરવાને કેટલાક બન્ધુઓએ જાહેરમાં પોતાની ઇચ્છા દર્શાવી છે અને અમો આશા રાખીએ છીએ કે પરમકૃપાળુ પ્રભુ, તેમને તે પરોપકારી કાર્ય કરવાની સઘળી અનુકુળતા બક્ષો.

ઉપરાંત અનુભવે અમને માલુમ પડ્યું છે કે, સંસ્થાના સઘળા હેતુઓ તરફ દૃષ્ટી કરતાં અમને જ્યાંને ત્યાં કામના મોટા ડુંગર જેવા ઢગલા પડેલા જણાય છે, પરંતુ અફસોસની સાથે કહેવું પડે છે કે, તેને પહોંચી વળવા પુરતા નિષ્કામ સહાયકોની સંખ્યા તરફ જોતા નિરાશ થયા વિના ચાલતુ નથી.

માસિકના અંગે તેનાં શરૂઆતનાં વર્ષોમાં અમને નવાં ગ્રાહકો કરીને તથા લવાજમ ઉઘરાવી મોકલીને અને પોતાના પાકટ અનુભવથી લખાણો લખી મોકલીને મદદ કરનારા પરોપકારી જ્ઞાતિ સેવકો ઘણા મળ્યા હતા, પરંતુ વખતના વહન સાથે તેવા પરોપકારી પુરૂષોની સંખ્યામાં વધારો થવાને બદલે ઘટાડો થતો ગયો છે ને તે જુના

સહાયકોમાંથી થોડાકજ પોતાની સેવા ધર્મ દિક્ષાને હજુ પાલન કરી રહ્યા છે. આ આપેક્ષેકારક ગણનામાં જ્ઞાતિના વિદ્વાન અને સાધારણ સહુ આવી જાય છે. વિદ્વાનોએ પોતાના જ્ઞાનનો લાભતો વગર મુલે જ્ઞાતિને આપવોજ જોઈએ જે ખાતે અમો ઘણી નાસીપાસી બતાવીએ છીએ અને જેની પ્રતીતીમાં અમે આ પુરા થતા વર્ષના લેખોમાં વિદ્વાનોએ કેટલી તસ્દી લીધી છે તેની જાત ખાતરી કરી લેવા વિનંતિ કરીએ છીએ.

આ સ્થિતિને સુધારવા અને નવા જ્ઞાતિ સેવકોને બહાર આવવા ખાતર આમંત્રણ કરવામાં આવ્યાં છે. જેના પરિણામે હાલ કેટલાક ઉત્સાહી યુવક બન્ધુઓએ યથાશક્તિ માસિક તથા સમાજની સેવા કરવા ભાવ બતાવ્યો છે. અમે તેવા ઊછરતી વયના નવયુવાન ભાવિક જ્ઞાતિ ભકતોને ઉપાસના અને કર્મયોગના આ વિશાળ ક્ષેત્રમાં પ્રવેશવા માટે અંતઃકરણ પૂર્વક અભિવંદન આપીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપણા કાર્યમાં તેઓની શુદ્ધ ભાવનાવાળી સેવા અગત્યની થઈ પડશે.

ગયાં બે વર્ષમાં યુરોપીય ભયંકર વિગ્રહને લીધે કાગળો વગેર છાંપખાનાની સઘળી વસ્તુઓની બેહદ મોંઘવારીને લીધે સઘળાં જાહેર પેપરોને ઘણું નુકશાન ખમવું પડયું છે, તો આપણે પણ તેને લીધે અગવડ વેઠવી પડે તો કાંઈ નવાઈ નથી. આવી અણધારી આફતથી વધેલી અગવડોમાં અમે અમારા ગ્રાહક બન્ધુઓ તરફથી યોગ્ય દિલસોઝીની આશા રાખી હતી પરંતુ છેલ્લાં બે વર્ષ દરમ્યાંન આવેલાં લવાજમની પહોંચ વાંચતાં દરેક સહ્દય સુધારકને અમારી પેઠે નાસીપાસી થઇ હશે.

અમારે કહેવું જોઇએ કે જ્યારે સઘળા કાર્ય વાહકોમાં સુસ્તીનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હોય ત્યારે શું કાંઈ "એકહાથે તાળી પડે છે? કદી નહિં. આ પરથી આપણે એ જાણી શકયા કે આપણી હિલચાલ ને તેના માસિકની અપંગદશા થવાનો દોષ આપણાજ શીરપર છે.

હવે ઉત્તમ આશા આપતા આ નવા વર્ષનાં કામની રૂપરેખા આંકતા આ વર્ષમાં આપણે **ધારીએ તો** ઘણું કરી શકીએ તેમ જણાય છે. શું આપણે સહુ સાથે મળી—ખરે માત્ર પચીસ જણ એકસંપ કરી મન પર લઇએ તો કડવા વિજયનાં ઘણાં ખરાં લવાજમ ના એકઠા કરીએ? ને તેનાં નવાં ગ્રાહકો ન વધારી શકીએ? કેમ નહિ. જો આપણા થોડા આગેવાનો **ધ્યાનપર લે** તો શું પંદરજ દિવસમાં "ખાસ ફંડ" રૂા. ૨૭૦૦ થી ૫૦૦૦ ૬૦૦૦ સુધી ન પહોંચાડી શકાય કે? અને એ ઉપરાંત બાળલગ્નના રિવાજમાં ગુંચવાડા ભરેલા સવાલને સુધારી સમયોચિત બનાવવા આપણાં પ્રયાસમાંથી કેટલું થઇ શકે તેમ છે? ઘણુંય, પરંતુ તે બધુ કરવાને આપણે સહુએ સાથે મળી કામ વહેંચી લેવાં જોઈએ. જ્ઞાતિના વિદ્વાનોએ અને ધનવાનોએ સંસ્થાને દ્રઢીભુત બનાવવા યથાશક્તિ પોતાના જ્ઞાનનો, ધનનો, અને બહોળા લાગવગનો પરોપકારના કામમાં લાભ આપવો જોઇએ; એવી સેવા જેનાથી ન બની શકે તે બન્ધુઓએ પણ પોતાના તન મનથી ઘણું કરવાનું છે.

આ વર્ષમાં અધારના પા. છગનલાલ નરોતમદાસ; સેરથાના પા. નાથાલાલ, છગનલાલ, વટાદરાના પા. નાથાભાઈ રાયજીભાઇ, ગણુપતપુરાના પા. બહેચરભાઇ, કેશવલાલ

અને છોટાભાઇ; તરસાળીના પા. જેઠાભાઇ તથા ઇશ્વરભાઈ; પાદરાના પા. અંબાલાલ અને તુલજાભાઇ; વિરમગામના રા. કાલીદાસભાઇ તથા માણેકલાલ તથા કુબેરદાસ તથા અમદાવાદના મેસર્સ નગીનદાસ તથા છબીલદાસ વગેરે બન્ધુઓએ યથાશક્તિ સેવા બજાવવા માથે લીધુ છે; પ્રભુ તેમની સેવાની રૂચિમાં પ્રતિદિન વૃદ્ધિ કરો તેવી નમ્ર પ્રાર્થના છે.

અંતમાં પરમ કૃપાળુ પરમાત્માને અમારી નમ્રતા પૂર્વક પ્રાર્થના છે કે તું અમારા જ્ઞાતિબન્ધુઓનાં હૃદયમાં તારી જ્ઞાનજ્યોતિ પ્રકટાવ. જેના પ્રકાશથી અમારી અધોગતિના મૂળ રૂપ તમામ આસુરી સત્તા નષ્ટ થાય અને અમો જ્ઞાતિસેવા રૂપ પૂણ્યને કરતા ઉત્તમ માર્ગોને અવલંબી મનુષ્ય જન્મના સાફલ્ય રૂપ ધર્મ અર્થ કામ ને મોક્ષ એ ચારે પુરૂષાર્થને શાધી શકીયે શાંતિ.

---

# પ્રભુકૃપાથી પ્રતિજ્ઞા પાળી.

પાટીદાર પરિષદની બીજી બેઠક રા. બા. ગોવીંદભાઇ હાથીભાઈના પ્રમુખપણા નીચે મોતાગામે મળી, તેમાં ગુજરાતના ઘણા લેઉઆ તથા કડવા બન્ધુઓએ ભાગ લીધો હતો. બાળલગ્ન વિશે વિવેચન ચાલતાં "પોતાનાં સંતાનોને બાળલગ્નથી નહિ પરણાવવા પાદરાવાળા રા. તુલજાભાઇ ( શુભેચ્છક સમાજની છઠ્ઠી બેઠકના સ્વાગત મંડળના અધ્યક્ષ ) એ તથા વડોદરાવાળા રા. પુરૂષોતમદાસે ( બીજી બેઠકના સ્વાગત મંડળના અધ્યક્ષ ) પ્રતિજ્ઞા કરી. બંને પ્રતિજ્ઞા લેનારમાં તે પાલન કરવાનો પહેલો વારો પરમકૃપાળુ પ્રભુએ રા. પુરૂષોતમદાસ વડોદરાવાળાને આપ્યો તે માટે અમે તે બન્ધુને ધન્યવાદ આપીશું; તેમને એક કન્યા ને એક પુત્ર રત્ન છે. કન્યાની વય પરણાવવા યોગ્ય થઇ તેથી પોતાનું વચન પાળી યોગ્ય વર સાથે પરણાવવાની એમને ચિવટ રહે તે સ્વાભાવિક છે.

વડોદરામાં જ્ઞાતિનાં લગભગ ૫૦ ઘર હશે, પરંતુ તેટલી વસ્તીમાં પણ જુદાં જુદાં પાંચ તડ છે તેમાં આપણા પ્રતિજ્ઞાપાલક રા. પુરૂષોમત્તદાસ જે ભાગમાં વસે છે, તે વિભાગની જ્ઞાતિ ૩૫ ઘરની બનેલી છે. તે ગમે તો પાંત્રીમ ઘરની છે પણ જ્ઞાતિ કહેવાય ને. અને તે પણ બાપ કડવાની જ્ઞાતિ. આવું સ્હાય ૩૫ ઘરનું હો કે ૫૦૦ ઘરનું પંચ હોય છતાં તેવા હરએક જથાનું મુખ્ય પ્રાણરૂપ બંધન તો એજ હોય છે કે "આ જથાની બહાર કોઇએ કન્યા દેવી નહિ" આપણા પ્રતિજ્ઞાપાલક રા. પુરૂષોત્તમદાસે પોતાના સુધારાના આ કાર્ય પરત્વે એક પંથ ને દો કાજ કર્યાં છે. એક તો આવાં ન્હાનાં ન્હાનાં મંડળો જ્ઞાતિ સમસ્તને નુકશાન કરનાર છે માટેજ કન્યાઓ લેવા દેવાનુ સ્થાન જેમ બને તેમ વધારે વિસ્તીર્ણ કરવું જોઇએ અને કન્યાને યોગ્ય વર ઘર જોઈ યોગ્યવયે પરણાવવી જોઇએ.

જુના વિચાર અને નવા વિચારવાળાની હયાતિ સાથેસાથેજ સઘળે હોય છેજ, તેમ અહીં રા. પુરૂષોત્તમદાસને પણ હતું, પરંતુ તેમના પંચના માણસો કાંઇક ડાહ્યા, દીર્ઘદર્શી, વ્યવહારૂ અને ઉદાર મનના હોવાથી આપણા સુધારક બન્ધુને થયેલી અગવડ તુર્ત ઝાટકી ગઇ છે. તેમણે પોતાની પુત્રી બ્હેન શારદાગૌરી ( વય વર્ષ ૧૩ ) નાં લગ્ન

ભરૂચના રા. ભોગીલાલના ન્હાનાભાઈ છગનલાલ (વય વર્ષ ૧૮) સાથે મહા સુ. ૬ રવીવારે ધામધુમથી કર્યાં છે. લગ્નસમારંભને દિપાવવા વિરમગામ, પાટડી, અમદાવાદ વગેરે સ્થળેથી ઘણા બન્ધુઓ પધાર્યા હતા, તેમાં વકીલ કેશવલાલ, દેશાઈ બળદેવભાઈ, ડૉ. સા. પીતાંબરદાસભાઈ, શેઠ સા. દુર્ગાપ્રસાદભાઈ લસ્કરી, દેશાઈ નારાયણસિંહજીભાઈ, એન્જીનીઅર મગનલાલ ગોવીંદલાલ, પ્રો, જેઠાલાલ સ્વામીનારાયણ, રા. હીરાલાલ વસંતલાલ રા. નંદુભાઇ મંછારામ; સેક્રેટરી મી. પુરૂષોત્તમદાસ, મી. નગીનભાઇ, રા. નાથાભાઈ સેરથા, પાદરાથી રા. તુલજાભાઈ અને અંબાલાલ વગેરે, તરસાળીથી રા. જેઠાભાઇ તથા ઇશ્વરભાઇ વગેરે, તતારપુરા, ખાંતી વગેરે ગામોથી તથા ગણપતપુરાવાળા પા. બહેચરભાઇ, ઝવેરભાઇ, કેસુરભાઈ અને છોટાભાઇ વગેરે ઘણા જ્ઞાતિ બન્ધુઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, ઉપરાંત મુત્સદ્દી વર્ગમાં શ્રીમંત ગણપતરાવ મહારાજ ગાયકવાડ, રા. બા. ગોવીંદભાઇ દેશાઇ, શેઠ ચીમનભાઈ શામળ બહેચરવાળા, મે. ડૉ. સા. ધનજીશાહ, વકીલ ગીરધરલાલ ડોસાભાઈ, વકીલ પાટકર, રા. રા. શાંમળભાઈ દેશાઈ માનકારી તથા સ્યામ-સ્વરૂપ બાલયોગી આદિ ઘણા ગૃહસ્થોએ આવા જ્ઞાતિહિતના કાર્યમાં ભાગ લઇ શરૂ થઇ ચુકેલા આ નવિન રિવાજને પ્રોત્સાહન આપ્યું હતું અને તે માટે જ્ઞાતિનો સમસ્ત સુધારક વર્ગ તેમના પ્રતિ ઉપકારની દૃષ્ટીથી જોશે.

છુટાં લગ્નનો રિવાજ કેટલા દરજ્જે પ્રસંશનીય છે ને આ સ્થળે પધારેલ જ્ઞાતિના તેમજ અન્ય પરોપકારી ગૃહસ્થોનાં નામ જોતાં સ્હેજ જણાઈ આવે છે. અમે આશા રાખીએ છીએ કે આપણું આ કાર્ય જેમ જેમ, જેને જેને પ્રસંગ મળે, તેમ તેમ તેના દ્વારા આગળ વધતુંજ રહેશે. કેટલાક અધિરા બની પુછે છે કે આવાં છુટાં લગ્ન સંખ્યાબંધ કેમ થતાં નથી ? તેમને જવાબમાં અમારે જણાવવું જોઇએ કે છેલ્લા વિવાહ સંવત ૧૯૬૬ માં ગયા, તે વેળા જ્ઞાતિનાં કુંવારાં બાળકો રિવાજ મુજબ પરણી ગયાં હોય, બાકી રહ્યાં હોય સુધારાવાળાનાં સંતાનો, પણ તે વર્ગ ઘણું કરી યુવાનનો હોવાથી તેમનાં સંતાનોની વય આ સમય થતા સુધી પણ પરણાવવા યોગ્ય ન થાય; એટલે જેમ જેમ, જેનાં જેનાં છોકરાં ઉમરલાયક થતાં જાય છે, તેમ તેમ તેઓ પરણાવતા જાય છે. આવી સ્થિતિમાં કાંઈ ઉતાવળ કરી અયોગ્ય ઉંમરે બાળકો પરણાવી નાંખવાં તે પોતે અપશુકન કરવા પોતાનું નાક કાપવા બરાબર થાય.

આટલાં થોડા વર્ષના અલ્પ પ્રયાસે થયેલાં થોડાં પણ નિડર છુટાં લગ્નોથી જુના વિચારવાળા એવી ખાયસ રાખે છે કે ૮–૧૧ વર્ષની લગ્નની લાંબી મુદતને બદલે ટુંકી ટુંકી મુદતનાં પણ એકજ તારિખનાં લગ્ન કરો. અમે એમના વિચાર સાથે હાલ મળતા થવાનો અમારો અભિપ્રાય અલગ રાખી જણાવીશું કે આપણા જ્ઞાતિ શીરોમણી સ્વર્ગસ્થ ને ના. દરબારશ્રી સૂર્યમલસિંહજી સાહેબે પણ સં. ૧૯૬૮ ના મેળાવડા વખતે સ્વમૂખે એજ કહ્યું હતું; પરંતુ જ્ઞાતિનાં પૂણ્યોદયની ખામીને લીધે તે રાજઋષીની સોનેરી શીખામણનું ઉલ્લંઘન કરવાનું આ પ્રાયશ્ચિત છે. તે સ્વ. મહાત્માએ જ્ઞાતિના મુરબ્બી તરિકે પોતાના દીર્ઘદર્શી સ્પષ્ટ વિચારો જણાવ્યા હતા પણ મમતી માણસોએ મમત મુકયો નહિ ને તેમને કંઈ સુજ્યું નહિ તેમના આવા દુરાગ્રહથી નાખુશ થઇ નવા વિચારવાળાઓએ

તેમના મમતપર પગ મુકયો છે તે નવો રસ્તો કાઢી શાસ્ત્રસંમત્ત લગ્ન કરવા માંડયાં છે. આ કાર્યને માટે અમે તો કોટીશઃ ધન્યવાદ આપીએ છીએ પરંતુ જેમને છુટાં લગ્નનો રિવાજ ખુંચતો હોય તેમણે સં. ૧૯૬૮ ની જ્ઞાતિ સભામાં તે સ્વર્ગસ્થ વડીલની શીખામણનો અનાદર કરનારા ઉદ્ધત આગેવાનો તરફ પોતાનો પ્રકોપ પ્રકાશીત કરવો યોગ્ય છે. સુધારકોને મનપસંદ જ્યાંસુધી રસ્તો કાઢવામાં નહિ આવે ત્યાંસુધી ચ્હાય ૩૫ ઘરની ૫૦૦ ઘરની કે ૫૦૦ ગામની કે ૫૦૦૦ ગામની જ્ઞાતિ હશે તોપણ તેઓ તેના બંધનમાં કદી પણ રહેનાર નથીજ.

આ પ્રમાણે એક સાચી નિષ્ટાવાળા રા. પુરૂષોત્તમદાસની પ્રભુએ પ્રતિજ્ઞા પળાવી છે પણ હવે રહ્યા બીજા પ્રતિજ્ઞા લેનાર પાદરાવાસી આપણા તુલજાભાઈ પટેલ. અમે અતઃકરણ પૂર્વક પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે અમારા તે બંધુના હૃદયમાં પોતાની પ્રતિજ્ઞા પાળવા અતુલ બળ પ્રેરો.

નવયુગ્મદંપતિ દીર્ઘકાળ સુખી રહો ને તેમની મન્ચ્છાઓ પ્રભુ સફળ કરો ને જ્ઞાતિ પ્રતિ તેમની ભક્તિના અંકુરો અમરવેલી સમાન વધારો તેવી તે દયાળુને અમારી યાચના છે.

છેવટે રા. પુરૂષોત્તમદાસ તથા તેમનાં પત્નિ ચંચળ બહેનને પોતાના હૃદયબળ વાસ્તે અમે ધન્યવાદ આપીએ છીએ ને આ સમારંભમાં અમારી અજ્ઞાન જ્ઞાતિને પંથસુચક થઇ પડવા પધારેલ ગૃહસ્થોનો અહેશાન માનીએ છીએ.

# શ્રી નિમાડ કડવા પાટીદાર સભા.

આ સભા સ્થપાયાના માંગલિક સમાચાર અમે અમારા વાચકોને થોડા સમય અગાઉ આપી ગયા છીએ. કડવા પા. શુભેચ્છક સમાજની ચાલુ હિલચાલ પ્રમાણે આવી આવી એકજ લક્ષબિંદુવાળી પેટા સંસ્થાઓની ઘણી જરૂર આપણે પાદરા મુકામે મળેલી ગઇ બેઠક વેળા ઠરાવ કરી સ્વિકારી છે. પાદરાની બેઠકમાં નિમાડ પ્રદેશના લગભગ ૨૦ બન્ધુઓ લાંબી ખરચાળ મુસાફરી કરી હાજર થયા હતા. તેમણે પોતાના ત્યાં નજીકના ભવિષ્યમાં ભરવા ધારેલી બેઠકનું ત્યાં શિક્ષણ મેળવ્યું હતું. નિમાડી બન્ધુઓ સાધારણ સુખી છે, પરંતુ વિદ્યામાં બીલકુલ પછાત હોઈ તેમનામાં નવી હિલચાલની જાગૃતિ બિલકુલ જણાઈ નથી. આવી દશામાં વિદ્યાપ્રતિ અભિરૂચી તો કયાંથીજ હોય ? આ સ્થિતિમાંથી તેમને જાગૃત કરવા તેમના યુવાન ગોર રામચંદ્ર વ્યાસ આજે પાંચેક વર્ષથી તન, મન અને ધનના ભોગે સતત્ પ્રયાસ કરી રહ્યા છે, ને તેમનાજ સદુપદેશથી એ પ્રદેશસ્થ બન્ધુઓ ગુજરાતની શુભેચ્છક સમાજના ગાઢ પરિચયમાં આવી રહ્યા છે.

વિંધ્યાચળ અને સાતપુડા વચ્ચેની સાંકડી પટીમાં આવેલો આ પ્રદેશ ઇન્દોર સ્ટેટની હકુમતમાં છે. ત્યાં આપણા વડોદરા સ્ટેટની પેઠે ફરજીઆત કેળવણી અને બાળલગ્ન પ્રતિબંધક નિબંધના પ્રસંસનીય ધારાઓ નથી. આ સ્થિતિમાં બાળલગ્નના અને મરણ

પાછળનાં જમણોના વિનાશ કરનારા રિવાજો ગુજરાતની માફક ત્યાં પણ ચાલુ છે. આપણી જ્ઞાતિ ત્યાં માલવીય અને નિમાડી એ બે સંજ્ઞાથી ઓળખાય છે. માલવીય બન્ધુઓ રતલામ, ઈન્દોર, મહુ વગેરેની આસપાસના ઉચ્ચ પ્રદેશમાં વસે છે, ત્યારે નિમાડી બન્ધુઓ મહુથી ઉંચા ઘાટો ઉતરી વિંધ્યા અને સાતપુડા વચ્ચે નર્મદા નદીના પ્રદેશની સાંકડી ને લાંબી પટીમાં વસે છે.

આ પ્રદેશના કુવાં ગામમાં તા. ૨૦–૨૧ માર્ચે સભા મળી હતી. સભાસદ ફીનો એક રૂપીઓ લેવાનો હતો પણ સરાભરા ફી કાંઇ લેવાની નહોતી, કારણ કે ભોજનાદિ સર્વ વ્યવસ્થા તે ગામના પાટીદારો તરફથી તેમના ખરચે રાખી હતી. સભાનું પ્રમુખસ્થાન મુંબાઇ ઘાટકોપરવાળા મીસ્ત્રી નારાયણભાઇએ સ્વિકાર્યું હતું. તેમની સાથે દેશાઇ અમરસિંહજી, મી. પુરૂષોત્તમદાસ સેક્રેટરી, રા. રા. મોતીલાલ કાલીદાસ, અધિપતિ કડવાવિજય રા. રા. મગનલાલ ગોવીંદલાલ એન્જીનીઅર, રા. રા. માણેકલાલ જેઠાલાલ વિરમગામવાળા, રા. રા. નગીનભાઇ વ્રજલાલ, રા. રા. રામજી (નારાયણભાઇના પિતાશ્રી), રા. રા. રતનસિંહજી અને રા. રા. નાથાભાઇ વગેરે બન્ધુઓને લેવા સારૂ રતલામ ખંડવા લાઇનના બરવાડા સ્ટેશને માણસો હાજર હતા. પરદેશી પ્રવાસીઓને તથા મે. સભાપતિ સાહેબને સ્ટેશને સન્માનપૂર્વક વધાવી લઈ, મુકામપર લઈ ગયા. સ્નાનસંધ્યાદિ નિત્યકર્મથી નિવૃત્ત થઇ ભોજન વગેરે લઇ ત્યાંથી કસરાવાદ જવા પાર્ટી નીકળી હતી. મંડલેશ્વર સુધી મોટરમાં જવાનું હતું. મંડલેશ્વર પહોંચ્યા બાદ મે. સભાપતિ સાહેબનો ત્યાંના માયાળુ સ્કુલ માસ્તરે અહીં પણ સાંજના માટે ભોજનનો પ્રબંધ કરી પાનસોપારી અત્તરાદિથી સત્કાર કર્યો હતો. નર્મદા નદી ઉતરી રાત્રે કસરાબાદ પહોંચતા ત્યાંના બાહોશ કર્મયોગી પટેલ કાલુરામજીએ મે. સભાપતિ સાહેબની પાર્ટી માટે ચાપાણી વગેરે સાથે બેઠક કરી અત્તર ગુલાબ પાનસોપારી ભોજન વગેરેથી ઉત્તમ પ્રકારે આતિથ્ય કર્યું હતું. ત્યાંથી નીકળી કુવા તરફ પ્રયાણ કરી બપોરે કુવા ગામના પાદરમાં પહોંચ્યા. સંખ્યાબંધ જ્ઞાનિજનો મે. સભાપતિ સાહેબને માન આપવા લાઇનમાં ઉભા હતા. સ્વાગત મંડળે આગળ વધી, સભાપતિ સાહેબ વગેરેનું પ્રથમ પુષ્પમાલા-ગુચ્છથી આતિથ્ય કરી કુલદેવીના, જ્ઞાતિના અને સભાપતિ સાહેબના જયઘોષ વચ્ચે સામૈયાના આકારે ચાલવા માંડ્યું. વાદ્ય અને ગીત પણ ચાલુ હતાં. સ્વયંસેવકો વારંવાર સભાપતિ સાહેબના જયઘોષથી પોતાનો ઉત્સાહ જણાવતા હતા. એ પ્રમાણે આકારમાં સહુ ભાઇઓ ઉતારા પર ગયા હતા. બાદ સ્નાન ભોજનાદિથી પરવારી બપોરના બે વાગ્યા પછી કામની શરૂઆત થઈ હતી.

શરૂમાં વિદ્યાર્થી-વોલંટીઅર્સે કુલદેવી શ્રી ઉમાની સ્તુતિ કરી પધારેલ બન્ધુઓને સ્વાગતનું ગીત ગાયું હતું. સેક્રેટરી વ્યાસ રામચંદ્રજીએ પછી પોતાનું સન્માનસ્વાગતનું ભાષણ કરતાં જણાવ્યું કે જ્ઞાતિની ઉન્નતિ માટે શુભેચ્છક સમાજની પેટાસંસ્થા તરિકે અત્રે આ સભાની સ્થાપના થઇ છે અને મને વરસો થયાં જે અભિલાષા હતી કે એકવાર નિમાડના કડવા ને ગુજરાતના કડવા એકઠા થાય તે આજે પ્રભુએ અને આપ સહુ બન્ધુઓએ પાર પાડી છે ને આટલે બધે દુર પધારી અમને ઘણા આભારી કર્યા છે. હવે અત્રેના જ્ઞાતિબન્ધુઓની સાંસારિક ઉન્નતિ માટે આપ સહુ એકત્ર થયા છો ને આપણા અભ્યુદયના વિષયો હાથ ધરવાના છે. તે વગેરે અગત્યની બાબતોનો વિચાર કરતાં આપણને

સુપથપર દોરવા એક નેતાની જરૂર છે. હું તેવા નેતા–સભાપતિ તરિકે રા. રા. નારાયણભાઇ કૉન્ટ્રાકટરને પદ સ્વિકારવા વિનતિ કરૂં છું, જેને આપ સંમત થશો ને તેઓશ્રી પણ તેનો કૃપા કરી સ્વિકાર કરશે તેવી આશા રાખું છું. આ દરખાસ્તને મી. પુરૂષોત્તમદાસે અનુમોદન આપ્યું અને રા. નારાયણભાઈએ પોતાની જગા લીધી (તાળીઓ) બાદ પોતાનું યાદગાર લાંબુ ભાષણ વાંચ્યું હતું જેનો ટુંક સાર નીચે મુજબ છે.

અસલ આપણે સહુ પંજાબમાં સાથે રહેતા. વારંવારની પરદેશીઓની સ્વારીઓથી કંટાળી આપણી એક મંડળી મગધ પ્રદેશમાં ગઇ. બીજી મથુરાં, મંદેસર ને કોટાના રસ્તે વડનગર આસપાસ આવી, ત્રીજી માળવામાં આવી રહી, આ ત્રણે મંડળીઓ અનુક્રમે ફરતી ફરતી એકવાર વડનગરને સિદ્ધપુર પાસે ઉંઝા ગામ વસાવી ત્યાં ઠરીને ઠામ બેઠી. વસ્તિ વધી તેમ તેમ ગુજરાતના મધ્ય દેશમાં પોતાની સાથે ગુજરાતને પણ આબાદ કર્યો. એક દુષ્કાળના સમયમાં આપણા પૈકી કેટલાક માળવા ને કચ્છ તરફ ગયા. યવનોના અત્યાચારી અમલમાં શરૂ થયેલ આપણા રિવાજો પણ સાથે જ રહ્યા ને આજ સુધી સરખા જ ચાલુ છે, પાછળથી દેશની શાંતિના સમયમાં નિર્ભય થવાથી આપણે આયુધોના ઉપયોગની જરૂર રહી નહિ અને દિવસે દિવસે આપણું ઉગ્ર ક્ષાત્ર તેજ મંદમંદ થતુ ચાલ્યું. આજે અન્ય અજ્ઞાન કોમોને આ વાતનો ખ્યાલ પણ થોડો આવે છે.

દેશના સઘળા ભાગમાં સામાજીક હિલચાલ સઘળી જ્ઞાતિઓએ શરૂ કરી પોતપોતાની ઉન્નતિ કરવા પ્રયાસો કરવા માંડયા છે. આપણે પણ તે અન્ય જ્ઞાતિઓની સાથેજ ૮–૯ વર્ષથી આપણી "શુભેચ્છક સમાજ" સ્થાપી પ્રયત્ન કરવા માંડયા છે જેના પ્રતાપે આજે આપ કચ્છ. કાઠીઆવાડ, ગુજરાત, માળવા ને નિમાડને આપણ ઉન્નતિનો વિચાર કરવા આ પ્રદેશમાં એકત્ર થયેલ જુવો છો. બાળલગ્ન અને મરણ પાછળ જમણ કરવાના નઠારા રિવાજોથી આપણે તન અને ધનમાં બહુ નબળા પડી ગયા છીએ. તેને લીધે વિદ્યાભ્યાસ પણ બહુ ઓછો થવાથી મન પણ ઉત્તમ સંસ્કારી ન રહ્યું, આપણી બુરી દશા કરનારા આવા રિવાજોને આપણે તજવા જોઇએ, વિદ્યા ભણી રહ્યા પછી પરણવાનો ચાલ હોવો જોઇએ. દેવું કરીને તો કાંઈપણ ન કરવું જોઇએ ને એ રીતે આપણી જ્ઞાતિની ગરીબીને દેશવટો દેવો જોઇએ. વગેરે વગેરે

બાદ કસરાવાદના પટેલ કાલુરામજીએ જણાવ્યું કે ભાઇઓ ! હું તમારી જ્ઞાતિનો નથી છતાં મારાથી બને છે તે સેવા કરૂં છું. ત્યારે તમારાંમાંના કેટલાક અત્યારે ખુણામાં ઝોકાં ખાય છે તે કેટલી શરમની વાત છે ? મંડપમાં ટાંગેલા આ ફોટા તરફ તમે જુઓ, તે સઘળા નામાંકિત નરો તમારા બન્ધુઓ છે તેઓ વિદ્યા વડે વધ્યા છે તેમ તમે પણ નઠારા રિવાજ તજી વિદ્યા ભણી નામાંકિત થાવ આપણા અધિકારી મે. અમીન સાહેબ પણ વિદ્યાવડેજ અધિકારપર આવ્યા છે. તો ઉન્નતિ વાસ્તે તમારાં બાળકોને ભણાવવા ઠરાવ કરો.

બાદ કેટલાકના આગ્રહથી મે. અમીનસાહેબે પણ પ્રાસંગિક વિવેચન કરતાં જણાવ્યું કે–આ ગામમાં આવી સભા મેં આજેજ જોઇ છે. મે. સભાપતિસાહેબે જે જે કહ્યું છે તેમાં ઉંડા વિચારો, વેદ, પુરાણશાસ્ત્ર જાણ્યે શું થયું ? પણ તે પ્રમાણે ચાલવાથી ફાયદો થાય. અસલ શરીર કેવાં બળવાન હતાં ? આપણા પૂર્વજોની સાથે દેવદાનવો પણ યુદ્ધમાં

ટકી શકતા નહિં. રાવણુ પણુ એક બ્રાહ્મણુ પુત્ર હતો. તેનું શારીરિક અને માનસિક બળ કેવું હતું? જમાનો બદલાયો છે. નવી નવી શોધ થાય છે. તાર, રેલ્વે, વાયરલેસ ટેલીગ્રાફ વગેરે પ્રકારની વિદ્યા આપણા દેશમાં અસલ હતી, પણ મધ્યકાલના અંધકારમાં તે સહુ નષ્ટ થઇ ગયું છે. હિંદ દેશમાં જન્મ થવો તે પરમપૂણ્યોદય ગણાતો. દેવો પણ જન્મ લેવા લલચાતા, એ દેશ આજે આપણી નઠારી રીતભાતથી જંગલી ગણાય છે. બ્રહ્મચર્યના ખંડનથી શારીરિક ને માનસિક બળ ગયું છે માટે બાળલગ્નને તો બંત્ર્જ કરો. બાર વર્ષની છોકરી બિલકુલ મુગ્ધ ને અજ્ઞાન—કમજોર હોય છે તેને તો ૧૬—૧૭ વર્ષ સુધી બ્રહ્મચર્ય પળાવવું જોઇએ. ૧૦૦ વર્ષની આવરદા ગઇ આજે અકાલ મરણુ થાય છે એ પણુ આપણાં વ્હેલાં લગ્નનું ફળ છે. વર કન્યા કરતાં આઠ વર્ષે મોટો જોઇએ.

મરણુનાં જમણો તો આપ બેશરમ થઈ કરો છે. હું દક્ષિણી બ્રાહ્મણુ છું. અમારામાં તેરમા સુધીનું ભોજન પાપરૂપ ગણાય છે. શ્રાદ્ધમાં પણુ જમનાર જડતા નથી. અધર્મ માને છે ત્યારે તમે યુવાનના મરણુમાં પણુ ગાડીઓ જોડીને જમવા જાઓ છે. શું એ કોઇ ઉત્તમ તહેવાર છે? અમારે દક્ષિણુમાં આ રિવાજ બિલકુલ નથી.

મરણુ એતો રોવા કુટવાતો અવસર છે, તેના બદલે રાક્ષસી વૃત્તિથી આપણે સારાં સારાં ભોજનો ને કપડાં લત્તાં વગેરેથી આનંદ ઉડાવીએ એ કેવું અયુક્ત છે? સરકારી દફતરથી મને ખ્યાલ છે કે હરસાલ કેટલીએ જમીન, ખેડુતો આવાં જમણુ કરી, ગીરો, સાન કે વેચાણુ કરે છે. આવી અવદશા કરનાર રિવાજો તો આજને આજ બંધ કરો. પંચનો ડર તજી પરમેશ્વરનો ડર રાખો. તમે ક્ષત્રિ, બ્રાહ્મણુના લગભગ જેવી મહત્તા ભોગ-વતાને બ્રાહ્મણુ કન્યાને પરણુતા હતા (યયાતિ અને શુક્ર તનયાદેવયાની) તેને બદલે શુદ્ર દશા આવી ગઈ છે. તમે કૃષીકાર છો. ખેતીવાડીમાં જેમ ઉત્તમ જમીન, બીજ, પાણી શોધો છો તેમ જમીન રૂપ ઉત્તમ ગુણુવાળી સ્ત્રીને તેવાજ ઉત્તમ ગુણુવાળા બીજ પાણી રૂપ પુરૂષને પસંદ કરી બંનેને જોડો. બાર વર્ષે લગ્નનો રિવાજ લેઉવામાં નથી, તે વગેરે પર ઉંડો વિચાર કરી હવે ઉત્તમ રાહ અંગીકાર કરો તે મારી સુચના છે (તાળીઓ).

બાદ સેક્રેટરી મી. પુરૂષોત્તમદાસે પણુ વિવાહ એ કેવી ગહન અને પવિત્ર ધાર્મિક વીધી છે તે સમજાવ્યું હતું. બાદ સભા વિસર્જન થઈ હતી.

રાત્રે "પ્રેત ભોજનનું આખ્યાન" રાખવામાં આવ્યું હતું, તેથી શ્રોતાઓ પર બહુ સારી અસર થઈ હતી છતાં આખ્યાન અપૂર્ણ રહ્યું હતું તે બીજે દિવસે સવારમાં પૂર્ણ કરવાનો નિશ્ચય કરી રાત્રીનું કાર્ય બંધ કર્યું હતું.

બીજે દિવસ તા. ૨૧—૩—૧૭ના પ્રભાતમાં સાડા આઠ વાગ્યાથી રાત્રીનું અપૂર્ણ આખ્યાન શરૂ કર્યું હતું. શ્રોતાઓ પર એવી હૃદયદ્રાવક અસર થઇ, જેના પ્રતાપે નીચે મુજબની બહેનો અને બન્ધુઓએ મરણુ પાછળનાં ભોજન નહિ જમવા પ્રતિજ્ઞા કરી.

| | | | |
|---|---|---|---|
| ૧ | તાપીબાઇ ભાળકીઆ | ૫ | કુંવર માજી |
| ૨ | આનંદ માજી | ૬ | મીઠીબાઇ |
| ૩ | દયાબાઇ મુકાતી | ૭ | શાંમળબાઇ |
| ૪ | ગૌરીબાઇ | ૮ | કાલીબાઇ ચોબલા |

| | | | |
|---|---|---|---|
| ૯ | મોતાંબાઇ | ૧૩ | તુલસીબાઇ સુંદ્રેલ |
| ૧૦ | પુનીબાઇ રૂંસાત | ૧૪ | કાલીબાઇ |
| ૧૧ | અમરીબાઇ રૂંસાત | ૧૫ | તાપીબાઇ |
| ૧૨ | કાવેરીબાઇ મુકાતી | ૧૬ | દયાબાઇ ઝાલુડીઆ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાળુ દેવચંદ | | ભાળકીઆ કુવા. | ૨૫ | ચંપાલાલભાઇ | | ,, |
| ૨ | દેવચંદ હીરાજી | ,, | ,, | ૨૬ | ભીલાજી માતાવાલા | | ,, |
| ૩ | દેવાજી | રૂંસાત | ,, | ૨૭ | શીતારામ સાદ | | ,, |
| ૪ | હીરાજી | ,, | ,, | ૨૮ | ,, | ,, | વયગામ |
| ૫ | તુલશીરામ | ,, | ,, | ૨૯ | તુલસીરામ રૂંસાત | | ધટવાં |
| ૬ | હીરાજી ચોબલા | | ,, | ૩૦ | રાલજીરામ | | બાલસમુદ |
| ૭ | દયારામ | ,, | ,, | ૩૧ | શામાજી રણાશા | | ધટવાં |
| ૮ | ગણુપતિ | ,, | ,, | ૩૨ | કાળુજી પીપલીઆ | | ,, |
| ૯ | બાલાજી | ,, | ,, | ૩૩ | શંકરજી દાવડા (છોટી) | | કસરાવાદ. |
| ૧૦ | ચુનીલાલજી | | ,, | ૩૪ | લક્ષ્મણજી પાંચોટીઆ | | ,, |
| ૧૧ | રામાજી | | ,, | ૩૫ | રૂંખડુજી બાંગા | | ,, |
| ૧૨ | ઝાપડુજી ઝાલુડીઆ | | ,, | ૩૬ | ૐકારજી દાવડા | | ,, |
| ૧૩ | મોરાર કલ્યાણજી | | ,, | ૩૭ | ભીલાજી મુકાતી | | ,, |
| ૧૪ | ચંપકલાલ બીલોદરીઆ | | ,, | ૩૮ | ચંપાલાલ ભાજીવાલા | | ,, |
| ૧૫ | ભીલાજી ઝાલુડીઆ | | ,, | ૩૯ | શુકલાલજી બના | | ,, |
| ૧૬ | મુકુંદજી મુકાતી | સુંદ્રેલ. | ,, | ૪૦ | દગડુભાઈ | | ,, |
| ૧૭ | ભીલાભાઇ ઝાલુડીઆ | ,, | | ૪૧ | શંકરજી બાંગા | | ,, |
| ૧૮ | નારાયણજી ચાંદણ્યા | ,, | | ૪૨ | ભગાજી દવાણા | | દવાણા |
| ૧૯ | ગંગારામજી લાડોલા | ,, | | ૪૩ | અમરચંદ પુંજરાજ | | પાડલ્યા |
| ૨૦ | બેચરજી સાકરી | ,, | | ૪૪ | ઓંકારજી રામબેલી | | કવાંણા |
| ૨૧ | દગડુજી | ,, | | ૪૫ | ગણુપતિજી ઓંકારજી રામબેલી | | ,, |
| ૨૨ | દેવચંદભાઇ | ,, | | ૪૬ | ભગાજી | | મયગાંવ |
| ૨૩ | ભગાજી કડારાય | ,, | | ૪૭ | છીતરજી રેંસાત | | સાટકુર |
| ૨૪ | ગણુપતિજી મુકાતી | ,, | | ૪૮ | બેચરભાઇ ભુત | | ,, |

આ પ્રમાણે પ્રતિજ્ઞા લેનારાઓને અમે કોટીશઃ ધન્યવાદ આપીએ છીએ. બાદ અમીન સાહેબે પણ આ વખતે અચ્છી તકલીફ઼ ઉઠાવી "પ્રેતભોજન નિષેધ છે" તે વિશે શાસ્ત્રોક્ત ભાષણ આપ્યું હતું. વળી કસરાવાદના જાહેર સેવા પ્રિયબન્ધુ કાળુરામજી પટેલે પણ પોતાના ઉપદેશથી ઉમદા છાપ પાડી આપણા કામને ઘણું સરળ બનાવ્યું હતું. સભા ભોજન વગેરે વાસ્તે ઉઠી.

બાદ બપોરના બે વાગ્યાથી કામની શરૂઆત થઈ.

વિદ્યાની મહત્તા વિશે સંસ્કૃત શ્લોકોનો કાવ્યમાં અનુવાદ કરેલો તે હારમોનીયમ સાથે સારી રીતે રજુ કરી શ્લોકથી આધાર આપી ભાઇશંકર તથા રા. દફતરદાર સાહેબે ઉમદા વિવેચન કર્યું હતું. બાદ ખેડુતની સ્થિતિ વિશે એક હૃદયદ્રાવક કાવ્ય ગાવામાં આવ્યું.

( રાગ ધનાશ્રી–તું મારો આધાર દયાનીધી તું મારો આધાર ).

દયા કરો ભગવાન, કૃષકપર દયા કરો ભગવાન
સતા રહી નીશી ઘોસ દરીદ્રા, તલફ રહા હો પ્રાણ...કૃષક.
દિનદુના, નીશી ચાર ગુના દુ:ખ; બઢતા હૈ ભગવાન...કૃષક.
રાતો દિન અવિરામ પરિશ્રમ, કરતા કૃપાનિધાન...કૃષક.
તોભી તનપર વસ્ત્ર કહાં હૈ? દુ:ખ હૈ આઠો જામ...કૃષક.
સાલોસાલ ઉપજ કમહોતી, ભુમી થકી શી જાન...કૃષક.
દીન કૃષકપર દયા કરો પ્રભુ ! તુમ હો દયાનિધાન...કૃષક.
મુંહબાયે દુર્ભીક્ષ સાલપ્રતિ, ખડા નિગલતા પ્રાણ...કૃષક.
**राम** કહે યુગ હાથ જોડકર, હે હે ! પુરૂષ પ્રધાન !...કૃષક.

તાળીઓના અવાજ વચ્ચે ભીલાજી મશાલચીએ આ કાવ્ય પૂર્ણ કર્યું હતું. બાદ કેસરાવાદવાળા નથુજીએ પણ સૃષ્ટિની સુખી વસ્તુઓપર ભાષણ કર્યું હતું.

બાદ સવારે બહેનોએ પ્રેતભોજન વાસ્તે પ્રતિજ્ઞાઓ કરવાથી એક જ્ઞાતિ ભાઇને સ્ત્રીઓએ આમ કરી મર્યાદાનું ઉલ્લંઘન કરવા જેવું જણાયું તેને સ્ત્રી મંડલમાંથી ભાઇશ્રી હીરાજીનાં ધર્મપત્નિ અમરાદેવીએ પોતાના પુત્ર દેવચંદ્રદ્વારા જવાબ કહ્યો તે—

પ્રિય ભાઇઓ ! આજ સવારે અમારાં માતુશ્રી વગેરે બહેનોએ પ્રતિજ્ઞા કરી તેથી કોઇને મર્યાદાનું ઉલ્લંઘન થતું જણાય છે તેવું સાંભળીને મારાં પૂજ્ય માતુશ્રી અમરા દેવી કંઇક કહેવા ઇચ્છે છે પણ મર્યાદાને લીધે સભામાં આવી કહી ન શકવાથી મને એઓશ્રી નીચે મુજબ કહેવા સુચવે છે—

જ્યારે આપણી જ્ઞાતિમાં વિવાહ–શાદી થાય છે ત્શારે કે કોઈ ઉત્સવ પર આપણી બ્હેનો હજારો પુરૂષો આગળ તેમના દેખતાં નાચ કરે છે ત્યારે મરદો હસે છે ને તાળીઓ લે છે તે વખત શરમ, મર્યાદાને લજ્જાની તમો જ્ઞાતિજનો પરવાહ કરતા નથી; ને અમે પરદામાં રહી આવા નિષેધ ભોજન તજવા પ્રતિજ્ઞા કરીયે તેમાં મર્યાદા ભંગ થાય તેવું તમને લાગે તે કેવું વિપરીત કહેવાય ? આ કામ અમારી બ્હેનો ને ભાઇઓને શાથી વિશેષ શરમદાર લાગે ? બિલકુલ કદી નહિ.

વાસ્તે જો તમો મરદો જ્ઞાતિ સુધરવા ચાહતા હોતો અમો અબલા જાતી–સ્ત્રીઓને સુધારવાની પ્રતિજ્ઞા લેતાં તમો અમારી હાંશી કરી અમારૂં કોમલ દિલ કેમ દુખાવો છો. તે આપને ઉચીત નથી. અફસોસ, અફસોસ આટલું ન ચાલે કહેતું પડયું છે તે માટે હું આપની ક્ષમા ચાહુંછું. (તાળીઓ).

બાદ આ અમરાદેવી અને હીરાભાઇના સુપુત્ર દેવચંદ્રે વિદ્યા વિશે પોતાનો લેખ વાંચ્યો હતો ( તે બાળબોધી અક્ષરે હવે પછી છપાશે ) તે પણ પ્રશંસનીય હતો.

બાદ માળવા વિભાગના સુંનેલ ગામના વિદ્યાર્થી ફત્તેસિંહજીએ વિદ્યા વિશે લેખ વાંચ્યો જે અતિ સુંદર હતો પણ અન્યસ્થાને બાળબોધીમાં પ્રકટ કરવામાં આવશે.

બાદ ઇન્દોરથી ખેતીવાડી ખાતાના ઈન્સ્પેકટર સાહેબ આ મેળાવડા માટે ખાસ આવ્યા હતા, તેમણે ખેતીવાડી વિશે ભાષણ આપ્યું તેનો સાર નીચે મુજબ છે. તમો ખેડુતો છો. જમાના થયાં તમારો અનુભવ વધતો જાય છે. તે બધું છતાં જાણ્યાવિના ન જાણી શકાય તે શીખવું પડે. હું ખેતીમાં આજકાલ સહુ સુધરેલી–નવી ઢબની ખેતી વીશે કહે છે; તેમ નહિ પણ હું તો લાભકારક ખેતીની તરફેણમાં છું; ને તમે પણ જુનીને નવી બેમાંથી જે વ્યવહારૂ ઉપયોગી ને નફાકારક હોય, તેને અંગીકાર કરો તેમ હું કહું છું. કેટલાકવાર પરદેશી સાંચા કામ–ઓજારો આપણી જમીન, પાકને પ્રતિકુલ થાય છે; માટે વિચારીને સંચા ખરીદવા. આપણાં ખળામાં જાર, ઘઉં વગેરે માટે બળદ ફેરવી દાણા છુટા પાડીએ છીએ તેને બદલે વિલાયતી સાધન આવે છે પણ એક મદ્રાસી ખેડુતે સડકપર ફરતા પથ્થરના રોલને જોઇ, તેને જવારના ખળામાં વાપરી જોયો અનુકુળ–ફાયદા પડતુ જણાતાં તેણે ઘહુ તુવેર વગેરેમાં પણ એનો ઉપયોગ કર્યો છે ને અમે વાપરી ખાતરી કરી છે. પંદર વીશ રૂપિયામાં થઈ શકે; માટે તમો પણ તેમ કરશો તો નફો થશે. આપણી ભુમી માટે હળ છે, તેજ ચાલુ રહેશે તો વાંધો નથી, પણ બીજ સારાં સારાં નિરોગી દાણા મોટા, સરખા ને તેજદાર જોઈ સંગ્રહી રાખવા. અમે નિમાડમાં મંડલેશ્વરમાં ખેતી-વાડીનું ફાર્મ ખોલવાનો વિચાર ધરાવીએ છીએ; પોતે સાથે ચણા ને મગફળીના નમુના લાવ્યા હતા તે બતાવી બેસી ગયા (તાળીઓ)

બાદ જ્ઞાતિના જુદા જુદા રિવાજ વિશે લંબાણ ભાષણ પાડલ્યાવાલા અમરચંદજીએ વાંચ્યુ હતુ, જે હવેના અંકમાં બાળબોધીમાં આપવા ઇચ્છા છે.

વળી દીવાળીના રામા ભાઉ સદાશીવે પણ પ્રાસંગીક ભાષણમાં વાંચ્યું હતું.

બાદ ગોર સુખલાલજીએ પણ પોતે ગોર હોવાથી જ્ઞાતિનાં સુખ દુઃખમાં ભાગ છે તેવું જણાવ્યું. વળી સુધારકો જે નિષ્કામ કામઃ કરે છે તેમનામાં પ્રભુનો પ્રાદુર્ભાવ થાય છે તેમજ આપણી જ્ઞાતિના ઉદ્ધાર માટે દુર દુરથી પધારેલા શુભેચ્છકોમાં પ્રભુએ જે પ્રેરણા કરી છે તે કાયમને વાસ્તે તેમના જીગરમાં રહે તેવી મારી પ્રભુને પ્રાર્થના છે.

મે. અમીનસાહેબે લગ્નવિષે વિવેચન કર્યું તેનો સાર નીચે મુજબ છેઃ–

પાટીદારો આપ બાળલગ્ન છોડી દ્યો. સંસારના ગાડાને માટે પતી પત્નીની જોડી એક બીજાને અનુકુળ, સમાન ગુણ વગેરે મળતી હોવી જોઇએ. પશુ પક્ષી વગેરેમાં ખાવાનું પીવાનું ઉંઘવાનું બ્હીવાનું અને વિષય ભોગવવાનું જ્ઞાન તો હોય છેજ પણ મનુષ્યમાં વિવેક બુદ્ધિ બીજા પ્રાણીઓથી વધારે છે. તેથી જ તે શ્રેષ્ટ છે. છતાં વિવેકનો ત્યાગ કરીએ તો અન્ય પ્રાણી કરતાં આપણામાં વધારે શું હોય! આપણી લગ્ન પદ્ધતિ મુજબ આપણે સ્ત્રી શિવાય કાંઇપણ ધાર્મિક કામ કરી શકીએ નહિં. લગ્ન વખતે બંને એક બીજા સાથે નિખાલસ–શુદ્ધ પ્રેમથી રહેવા પ્રતિજ્ઞા કરે છે. તમારી જ્ઞાતિના રિવાજ મુજબ ધાવતાં બાળકો પરણાવો તેમાં શાસ્ત્રની કયાં વાત રહી. ઓછામાં ઓછા નવ વર્ષથી ન્હાંની તો કદી પણ પુત્રીને પરણાવી શકાયજ નહિ. બાળકો મોટી ઉમરનાં હોય છે તો તેમનું શરીર

ગુંણુ દોષ વગેરે જોવાય છે. નહિતો ગમે તેમ જોડી દઇ તેમને દુઃખી કરીએ છીએ; માટે શાસ્ત્ર પ્રમાણે લગ્નનો રિવાજ રાખો (તાળીઓ) એ મારી તમને શિખામણ છે.

બાદ સ્ત્રીઓની પ્રાચીન મહત્તા વિશે કસરાવાદના પટેલ કાલુરામભાઇએ નીચે મુજબ વિવેચન કર્યું હતું.

બહેનો ! કેટલાંક વર્ષ પહેલાં આ ભારત ભુમીમાં આપનું નામ હતું. આપે પતિવૃતથી ભારતની સુકીર્તિ દિગંતમાં ફેલાવી હતી. આપની કુખરૂપ ખાણમાંથી અનેક બેમુલ જવાહીરો નરરત્નો પેદા કર્યા હતા. જેઓએ દેશનું કલ્યાણ કરવામાંજ પોતાનુ જીવન દિપાવ્યું હતું. બહેનો ! આપનું આખું જીવન પતિ સેવામાંજ વિતે તેવી મારી અભિલાષા છે. અરે બહેનો ! આજ ભારત ભુમીમાં શ્રી રામચંદ્રની સાથે સતી સીતા વનવાસ ગયાં હતાં. આજ ભુમીમાં ભક્તિની સાક્ષાત મૂર્તી રૂપ શ્રી રાધિકા થયાં છે. રૂક્ષ્મણી, સત્યભામા, મંદોદરી, તારા, અહલ્યાદિ અનેક સતીઓથી આ દેશ પૃથ્વીમાં પ્રકાશમાન હતો આજ પણ હોલ્કર મહારાજનાં મહારાણી અહલ્યા બાઇ જેમાતા—દેવીતરિકે દુર દુરના દેશમાં પંકાયાં છે અને હજી પણ પુજાય છે. મહારાણી વિકટોરીઆ, જેને હિંદનાં મનુષ્યો દેવી—સતી તરિકે માને છે. હાલનાં આપણાં મહારાણી શ્રી ચંદ્રાવતીજી અને ઇંદ્રાવતીજી આદિ પતી સેવામાં અતિ રક્ત છે. બહેનો ! તમે રંક માણુસોમાં પણ સ્ત્રીઓ પતિવૃતા જોઇ હશે. પોતાના અંધ અપંગ પુરૂષને દોરી દોરીને ફરી તેનું પોષણ કરે છે પણ તે તજી દેતી નથી. તો આપ સહુ કુલીન સ્ત્રીઓ છો, તમારે હંમેશાં પતિ ભકિતમાં રહેવું, બાળકોને સાફસુફ રાખી તેમને ભણાવવા કાળજી રાખવી જોઇએ. જ્ઞાતિના નઠારા જણાય તે રિવાજ અટકાવી નવા ઉત્તમ રિવાજો અંગીકાર કરવા જોઇએ.

(તાળીઓ)

બાદ મંડલેશ્વરવાળા માસ્તરે કુવા ગામના બન્ધુઓએ આ પરોપકારના કામ સારૂ સભા બોલાવી મહેનત ઉઠાવી તે માટે, તથા મે. અમીન સાહેબ, કાલુરામભાઈ પટેલ, વગેરે—એ તકલીફ લીધી છે તે માટે અમે તેમનો ઉપકાર માનીએ છીએ. લગ્નના રિવાજમાં ખાસ સુધારો કરવાની અને છોકરાંને ભણાવવાની જરૂર છે તે પર મારા સઘળા કુર્મી ભાઇઓ વિચાર કરશે તેવી આશા છે.

કડવા પા. શુ. સમાજના સેક્રેટરી મી. પુરૂષોત્તમદાસે આપણી કુલ દેવી શ્રી ઉમા અને તેના ગામ ઉંઝા વિશે ઘણું જાણવા યોગ્ય વિવેચન કરી દર વૈશાખી પુનમના ભરાતા મેળાપર પધારવા આગ્રહ કર્યો હતો. બાદ માતાજીના નામે ઠગ લોકો આવીને પૈસા ઉઘરાવી જાય છે તેમને ન આપતાં તમો તમારા હાથેજ "શ્રી ઉંઝા ઉમીઆ દેવી સંસ્થાનના પ્રમુખ શેઠ દુર્ગાપ્રસાદ લશ્કરી દીલ્લી દરવાજે—અમદાવાદ" એ સરનામે ટપાલદ્વારા મનીઑાડરથી મોકલશો. તેની તમને સહી સીક્કાવાળી ત્યાંથી પોચ મળશે. માતાજીનો વહીવટ આ શેઠ કરે છે. માટે તમારા ત્યાં આવે તેમને પૂર્ણ તપાસ કર્યા વિના કાંઈ આપવું નહિ. છતાં કદી એ પૈસા એકઠા કરી મોકલવા હોય તો ઉપરના સરનામે મનીઑાડરથી મોકલવા. ઉંઝા ઉમીઆ દેવી જવા આવવામાં દશ રૂપિયા વધારેમાં વધારે ખરચ આવે છે તો દરેક ભાઇએ એક એક વાર તો કુલ દેવીનાં દર્શન કરવાં જોઇએ.

બાદ આ સભા પોતાને ગામ આવતી સાલ બોલાવવા નીચે મુજબ આમંત્રણ આવ્યાં છે. કુસરાબાદ સભા ભરવા પા. ભીલાજી કેશવ, છીતરજી મુકાતી, ઓંકારજી હીરાજી, ભીલાજી વરાડીઆ, રૂખડજી બાંગા, ભીલાજી, એ સહી સાથે આમંત્રણ કર્યું છે.

શ્રી દેવી સ્વરૂપ કાલીબાઇ મોજે ન્યાદર ભાળકયા પણ પોતાના ઉમંગથી કુસરાબાદ સભા ભરવા આગ્રહપૂર્વક આમંત્રણ કરે છે. ધન્ય છે આવાં ધર્માત્મા બાઇને પોતે એક સ્ત્રી જાત હોવા છતાં જ્ઞાતિ હિતમાં કેટલાં તત્પર છે ?

સુંદરેલ ગામમાં સભા ભરવાનું આમંત્રણ પા. ભીલાજી ઝાલુડયા, સીતા રામ સાદ, મુકુંદજી મુકાતી અને નારાયનભાઇ ચાંનજી તરફથી ઘણા આગ્રહ સાથે થયું છે.

આ બધાં આમંત્રણોમાં સભા જ્યાં મળે ત્યાં થતું ખરચ એ પરોપકારશીલ જ્ઞાતિ બન્ધુઓના શીરપર છે જે જાણી આપણને અપાર હર્ષ થાય છે. અમે એ સઘળા આમંત્રણ કરનારને એકવાર ફરી ધન્યવાદ આપીએ છીએ.

મે. પ્રમુખ સાહેબે ખાસ કાલીબાઇને માટે મુક્ત કંઠે પ્રસંશા કરી હતી. પરમાત્મા અમારી જ્ઞાતિમાં આવાં સ્ત્રી રત્ન પેદા કરે તેવી અભીલાષા છે.

બાદ હીરાભાઇ રૂંસાતે સભાના અધિકારીઓએ હંમેશાં પોતાના કાર્યની ચિંતા રાખી નિસ્વાર્થ પરાયણ સેવા કરવી જોઇએ તે વિશે લંબાણ લેખ વાંચ્યો હતો જે બાળબોધીમાં હવે પછી આપીશું.

બાદ ને. ના. હોલ્કાર મહારાજના પવિત્ર અને શીતળ છત્ર નીચે આપણે મલ્યા અને જ્ઞાતિ હિતના વિચાર કરી આપણી ઉન્નતિ સાધ્ય કરી તેઓશ્રીનું દીર્ઘાયુષ્ય ઇચ્છવા મે. પ્રમુખ સાહેબે નીચે મુજબ ઠરાવ રજુ કર્યો.

" આ સભા, નેકનામદાર પરમકૃપાળુ શ્રી હોલ્કર મહારાજાધિરાજનું સહ કુટુંબ દીર્ઘાયુષ્ય થાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે."

આ ઠરાવ તાલીઓના અવાજ વચ્ચે પાસ થયો હતો.

"આ સભા ને. ના. શહેનશાહ જ્યૉર્જ પાંચમા અને શહેનશાહબાનુ મેરીનું દીર્ઘાયુષ્ય ઇચ્છે છે અને તેમને યુરોપીય ચાલુ વિગ્રહમાં સત્વર વિજય પ્રાપ્ત થાય તે માટે પરમાત્માને પ્રાર્થના કરે છે.

આ ઠરાવ પણ મે. પ્રમુખ સાહેબે રજુ કર્યો, જે તાળીઓના અવાજ વચ્ચે પાસ થયો.

" આ સભા, મે. ચીફ ઍડમીનીસ્ટ્રેટર હુબે સાહેબ, આપણી કૃષીકાર કોમની ઉન્નતિ પ્રત્યે જે માયાળુ લાગણી ધરાવે છે તે માટે તેમનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનવાનો ઠરાવ કરે છે."

આ ઠરાવ પણ મે. પ્રમુખસાહેબે રજુ કર્યો, જે તાળીઓના અવાજ વચ્ચે વિવેચન સાથે પસાર થયો.

શ્રીમાન ચીફ મીનીસ્ટર સાહેબની ખેડુતો પ્રત્યે પુષ્કળ માયાળુ લાગણી હોવાથી આપણી જ્ઞાતિમાં ચાલતા **બાળલગ્ન અને દેવાં કરી ખરચ કરવાના** નઠારા રિવાજો પ્રતી

અંકુશ મુકવાના ધારા ઘડવા તેમને પ્રાર્થના કરવી જોઇએ. ને. ના. હોલ્કર સરકાર મહારાજા સાહેબનો પોતાની પ્રજાપર અથાગ પ્રેમ છે. તેઓશ્રી હરહંમેશ પ્રજાની ઉન્નતિપર બહુ ઉત્સાહને ખંતથી ધ્યાન આપે છે આવા નેક રાજ્યમાં આપણી અવશ્ય ઉન્નતિ સત્વર થાય તેવા સમયમાં આપણે જાતે પ્રયત્ન કરવો અને તેઓશ્રીની આવશ્યક મદદ માગવી.

બાદ સેક્રેટરીએ જણાવ્યું કે આ ઉપરાંત અત્રેના સ્થાનિક અધિકારી મે. અમીન સાહેબે પણ પોતાનીજ ઉન્નતિ માટે જેટલો શ્રમ લે, તેટલો આપણા માટે ત્રણ દિવસથી સતત પરિશ્રમ લીધો છે તેઓ સાહેબનો પણ હું ઉપકાર માનુંછું. પા. કાલુરામજી યાદવ જ્ઞાતિના હોવા છતાં સભાની હિલચાલ શરૂ થઈ ત્યારથી પગવાળી બેઠા નથી. તન, મન અને ધનથી સહાયતા કરી રહ્યા છે. તેમના જેવા સેવા પ્રેમી નરોને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે કુવા ગામના જ્ઞાતિ બન્ધુઓને હું અંતઃકરણ પૂર્વક અભિનંદન આપુંછું. આ સભાને પોતાના ખરચે અત્રે બોલાવી તેમણે જાતી ઉન્નતિના કામમાં પહેલ કરી અન્ય બંધુઓને દાખલો આપ્યો છે તે જ્ઞાતિ હમેશ યાદ રાખશે. તેમની જ્ઞાતિભક્તિ માટે તેમને ધન્યવાદ ઘટે છે ઉપરાંત મંડલેશ્વરના સ્કુલ માસ્તર સાહેબ, ગોરમંડલી, (વયોવૃદ્ધ બાપુજીભાઇ, સખારામજી, સુખલાલજી વગેરે બન્ધુઓ). વ્યાસ બ્રધર્સ, દફ્તરદારજી આદિ ભુદેવો ખરેખર આ લોકમાં બ્રાહ્મણ પદનું સાર્થક કરી અમારી ઉન્નતિમાં અથાગ શ્રમ લીધો છે, તેમને હું વારંવાર ધન્યવાદ આપુંછું ને પુનઃ પ્રાર્થના કરૂંછું કે બ્રાહ્મણનાં વચનોને દેવ વચનો માનનારી આ ભોળી જ્ઞાતિની ઉન્નતિ ને જાગૃતિ માટે આપ હજુ પણ પ્રયત્ન કરતા રહેશો.

સાથે મારે જણાવવું પડે છે કે નિમાડના પ્રતિષ્ટીત પુરૂષો પૈકી હીરાભાઇ મુકાતી મહેનવાડા, ગોપીનાથજી, દેવાજી ધેગદા, અમરાજી વડવેલ મોગાવા; રા. ભગવાનલાલ શેઠ વગેરે ઉદાર ચિત્ પરોપકારી નરવીરો આ પ્રથમ સમયે આપણા ઉત્સાહમાં વૃદ્ધિ કરવા હાજર હોતતો ઘણો આનંદ થાત. પરંતુ તેઓ હું ધારૂંછું તેમ કોઇક અનિવાર્ય કામને લીધે પધાર્યા નથી તો હવે પછી આ કામને હાથમાં લઇ આપણાપર ઉપકાર કરશે. કારણ તેવા મોટા પુરૂષોજ કામને શીખરપર ચડાવી શકે છે; માટેજ તેવા અનુભવીઓ સિવાય આપણું કામ ચાલે નહિ.

આ દેશમાં આવા પ્રકારની જાગૃતિ કરનાર વ્યાસ રામચંદ્રજી આપણા ગોર છે. તેમની આકૃતી બીજા બ્રાહ્મણો કરતાં ઘણીજ ભીન્ન જણાઇ છે. આપણી જ્ઞાતિની ઉન્નતિ થવાથી—જાગૃતિ થવાથી ઘણા અજ્ઞાન બ્રાહ્મણો ભય પામે છે કે હવે આપણું પોષણ થશે નહિ. આ રજ્જુ–સર્પ ભયનો ભ્રમ ભુદેવ રામચંદ્રને થયો નથી ને તેણે સત્ય માર્ગ ગ્રહણ કર્યો છે. અમારી અજ્ઞાન દશામાં અમે બ્રાહ્મણોને ભિક્ષુક કરતાં વધુ માન આપી શકતા નથી. અમે જાગૃત થઇશું ત્યારે અમારા ગોર પણ જાગૃત થશે. તે સ્થિતિમાં તેમને પ્રભુથી બીજા નંબરનું માન મળશે. તેવી ઉચ્ચ ભાવના રાખી કાર્ય કરનાર શ્રી રામચંદ્ર પોતે ખરેખર ધન્યવાદને પાત્ર છે પણ હું તેમ કરી તેમને વિશેષ ચંચલ રહેવા સુચવું છું. સભાની સ્થાપનાથી જેમના મન સંકુચીત હશે તેઓ વિરૂદ્ધ પ્રયોગ અજમાવશે. તે સમય માટે દૃઢ ઉભા રહેવા તૈયારી કરી રાખશો. આવા પ્રકારના જનહિતની સેવાનો કડવા જ્ઞાતિ

શું બદલો આપે? પરમાત્માજ તેનો યોગ્ય બદલો આપવા સમર્થ છે. એકવાર ફરી શ્રી રામચંદ્રને હું ધન્યવાદ આપું છું.

આ સરાહનાનો રામચંદ્રજીએ ભરાઇ આવેલા હૃદય અને અશ્રુપૂર્ણ ચક્ષુએ જવાબ આપતાં જણાવ્યું કે હું જો બ્રાહ્મણ છું તો મે મારૂ કર્તવ્ય કર્યું છે અને મારા ભાવિ માર્ગનું સુચન કરી આપે મને બહુ આભારી કર્યો છે. હું અજ્ઞાન બાળક જેવી દશામાં છું.

બાદ વ્યાસ રામચંદ્રજીએ ગુજરાતથી અને મુંબાઈથી ઘણી અગવડો વેઠી પધારેલ બન્ધુઓનો અને ખાસ કરી સભાપતિ સાહેબનો ઉપકાર માનવાની દરખાસ્ત રજુ કરી હતી. જે તાળીઓના અવાજો વચ્ચે પાસ થઇ હતી. સભાનું કામ ખલાસ થયેલું જાહેર કરતાં મે. સભાપતિજીએ છેલ્લો ઉપદેશ આપ્યો હતો કે, હંમેશ કામની શરૂઆત સ્હેલાઈથી થાય છે. તે વેળા ઘણા માણસો મદદે આવે છે પણ સમય જતાં કામની ખરી ખુબી, ખરૂં સ્વરૂપ ને મુશ્કેલીઓ પુર બહારમાં દેખાતાં, મદદગાર મિત્રો દેખાતા બંધ પડે છે તેવા સમયને ભેટવા કાર્યવાહકોએ હંમેશાં ખાતાં, પીતાં, બેસતાં, ઉઠતાં, ફરતાં હરતાં, પોતાની આસપાસ એક પોલાદની દિવાલ જેવું યુવક મંડલ ઉભું કરવા પ્રયત્ન કરવો. આજ લક્ષ બિંદુને ધ્યાનમાં રાખી આખો પોતાનો સંસાર વ્યવહાર ચલાવવો. દિનપ્રતિ નવા નવા કર્મયોગી—સેવકો પેદા કરવા એજ સંપતિ કરોડોના ફંડથી વધારે કિંમતી છે. અત્રે થયેલાં ભાષણો આપણે સાંભળ્યાં છે, વિચાર્યાં પણ હશે; તેની છુપી વા ખુલ્લી ચર્ચા પણ કરી હશે. હવે ઘેર જઇ આપણા જે બન્ધુઓ અત્રે પધાર્યા નથી તેમને તેનું ભાન કરાવી આ દીશામાં દોરવાના આપણા સામાન્ય ધર્મ તરફ હું આપ સહુનું આગ્રહપુર્વક ધ્યાન ખેચું છું. માતુશ્રી ઉમા આપણને સહુને સુબુદ્ધિ અને દ્રઢ સેવા ભક્તિ આપે કે જેથી વારંવાર આવાં કાર્યો માટે આપણે એકત્ર થઇએ. હવે હું સભા બરખાસ્ત કરૂં છું ને તમને સહુને નમ્રતાપુર્વક પ્રણામ કરૂં છું (તાળીઓ).

—○•○—

## ઉતરાયણનું દાન.

કડવાપાટીદાર શુભેચ્છક સમાજના નિભાવ માટે તેની ગઈ બેઠક વેળા થયેલ "ખાસ ફંડ"ને વાસ્તે સેક્રેટરી શ્રી પુરૂષોત્તમદાસ ઉત્તરાયણની મહા પુણ્ય પ્રદ પરવણીપર જેતલપુર ગયા હતા. એ ગામના જ્ઞાતિબન્ધુઓએ અગાઉ સમાજના વાસ્તે ઉત્તરાયણપર ૩૦—૩૫ મણ ડાંગર કરી આપી હતી; પરંતુ આ વર્ષ તે ગામના પાટીદારોને સારૂ નિવડ્યું નહોતું તેથી ગણ્યા ગાંઠ્યા લાગણીવાળા બન્ધુઓ તરફથી આ વખતની ઉત્તરાયણમાં લગભગ આઠેક રૂપીયાની કીંમતની ડાંગેર કરી આપી છે તે અમે ઘણાં આનંદ સાથે જાહેર કરીએ છીએ. આ ગામ પોતાના ચોમાસાના પાકનો ૧/૪ દર ઉત્તરાયણે દાનમાં આપે છે, જેનો મોટો ભાગ સ્વામીનારાયણના અને શ્રી રામજીમંદીરમાં જતાં બાકીનો બાવા, ટેલીઆ વગેરે ભગત ભિખારૂઓમાં વહેંચાય છે. પાટીદારોના આવા ઉદાર સ્વભાવ માટે અમે સગર્વ તેમને ધન્યવાદ આપીશું પણ જણાવીશું કે હવે ડાબા હાથે આમ વામ માર્ગે દાન કરવાની ટેવને સુધારી, જમણો હાથ જેમ મોં તરફ વળે છે તેમ જ્ઞાતિહિત-

પ્રતિ દાન કરવા વધારે ઉદાર થાવ તેમાં આપણું પોતાનું, અને દેશના આધાર રૂપ જ્ઞાતિનું કલ્યાણ કરી શકાશે. "ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાને આટો આલો" આવી અવળી રીત ખચીત તજવા જેવી છે. અમે પ્રભુ પાસે માગીએ છીએ કે જેતલપુરના પાટીદારોને આવતું વર્ષ એવું ઉત્તમ આપો કે જેના પ્રતાપે અમારી ઉન્નતિ માટે અગાઉ કરતાં ઘણું વધારે આપી શકે.

---

## કણબી ક્ષત્રિય મહાસભા.

આ મહા સભાની અગીઆરમી બેઠક ગુજરાતના સુપ્રસિદ્ધ સ્વદેશપ્રેમી નરવીર રા. રા. મગનભાઇ ચતુરભાઈ પટેલ બાર એટ લૉના પ્રમુખપદ નીચે તા. ૨૯–૩૦–૩૧ ડીસેમ્બરના દિવસોમાં આગ્રાખાતે મળી હતી. સમસ્ત ભારતવર્ષના કુર્મી ક્ષત્રિય બંન્ધુઓની આ મહાસભાએ પોતાની છેલ્લી ત્રણે બેઠકોના સભાપતિ તરિકે આપણા ગુજરાતી બધુઓને પસંદ કરી ગુજરાતનું ગૌરવ વધારી આપણને મોટું માન આપ્યું છે. તેની બારાબાંકી ખાતે મળેલી નવમી બેઠકના પ્રમુખ તરિકે આપણા સુવિખ્યાત પ્રો. સ્વામીનારાયણને પસંદ કર્યા હતા. તેઓ સ્વદેશી હિલચાલના ચુસ્ત હિમાયતી અને કડવા પાટીદાર જ્ઞાતિમાં પહેલા નંબરના સુધારક તરિકે જાણીતા છે. તેમની સાથે બારાબાંકી ગયેલ બન્ધુઓમાંથી ગણપતપુરાવાળા રા. છોટાભાઇએ મહાસભાને ગુજરાતમાં આમંત્રણ કર્યું, ને પ્રો. રા. જેઠાલાલભાઈ, રા. છોટાભાઈ, રા. કુંવરજી, કલ્યાણજી, સાકરલાલ અને હીરાલાલભાઇ, નંદુભાઇ વગેરેએ ઓનરેબલ પટેલ વીઠ્ઠલભાઇ ઝવેરભાઇ બાર. એટ. લૉ. ના પ્રમુખપદ નીચે અમદાવાદમાં સભા ભરી તે કામને પાર પાડયું. ઓણસાલની આગ્રા ખાતે મળેલી ૧૧ મી બેઠકના સભાપતિ તરિકે પ્રસિદ્ધ દેશભકત, અને હોમરૂલલીગના હીમાયતી પટેલ મગનભાઈ ચતુરભાઇ બાર. એટ-લૉને પસંદ કરવામાં આવ્યા હતા.

અત્યારસુધીના સભાપતિઓનાં ભાષણોમાં મહાસભાની મહત્વાકાંક્ષાની મર્યાદા આંકતાં, લક્ષબીંદુ તરિકે સંસાર સુધારા અને કેળવણીને પ્રાધાન્ય આપી સંતોષ માન્યો હતો પરંતુ આ વખતના સભાપતિ સાહેબે હિંદના હાલના વાતાવરણમાં તરવરી રહેલાં તત્વોને પોતાના ભાષણમાં દાખલ કરી મહાસભાના કાર્યની એક અતિ અગત્યની નવી દીશા ઉઘાડી લક્ષબિંદુને વધારે વિશાળ બનાવ્યું છે. તેમણે આપણી ત્રણેક કરોડની વસ્તીવાળી મહાન જ્ઞાતિ માટેના રાજદ્વારી પ્રશ્નો પણ છુટથી પોતાના ભાષણમાં લીધા છે અને બાળલગ્ન, મરણ પાછળનાં જમણો, વધુ પડતાં અયોગ્ય ખરચો વગેરે અધોગતી કરનારા રિવાજોને નાબુદ કરવા અને વિદ્યાવૃદ્ધિથી ઉન્નતિ કરવા સુચવ્યું છે એટલુંજ નહિ પણ ફરજીઆત કેળવણી, ઉચ્ચ કેળવણી માટે સ્કૉલરશીપો, હથીઆરબંધીના કાયદામાંથી મૂક્તિ, એ વગેરે ખેડુતો માટેની જરૂરી સગવડોની સરકાર પાસે આગ્રહ પુર્વક માગણી કરી છે. આ વખતના કામ પ્રતિ અમે સંપૂર્ણ સંતોષને પસંદગીની દૃષ્ટિથી જોઇએ છીએ ને તે માટે મે. સભાપતિને તથા તેના કાર્યવાહકોને ઘણા ઘણા ધન્યવાદ આપીયે છીયે.

---

# ચોથી પાટીદાર પરિષદ્ અને સૌરાષ્ટ્ર પાટીદાર સભા.

ઓણસાલ આ બંને સંસ્થાઓની બેઠક એકત્ર રીતે સૌરાષ્ટ્રના પ્રાચીનનગર જુનાગઢમાં તા. ૨—૩—૪ ફેબ્રુઆરી ૧૯૧૭ના ત્રણ દિવસોએ આપણા સુવિખ્યાત નરવીર મગનભાઈ ચતુરભાઈ પટેલ બાર. ઍટ-લૉ. ના પ્રમુખપદ નીચે મળી હતી. પરિષદમાં ભાગ લેવા આવનારા પાટીદાર બન્ધુઓને ખેતીવાડીની નવી ઢબનું, તેનાં ઓજારોનું અને તેનાથી થતા ઘણા ફાયદાનું પ્રત્યક્ષ જ્ઞાન આપવા જુનાગઢ સ્ટેટ તરફથી તે સમયે ખેતીવાડીનું પ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું.

પરિષદમાં હાથ ધરવાના મુદ્દાઓની નકલો, સંસ્થાઓના સેક્રેટરીઓએ ગુજરાતના આ વિષયમાં હિત અને ઉંડું જ્ઞાન ધરાવનારા દેશહિત ચિંતકોને મોકલી આપી તેમના અભિપ્રાય મેળવ્યા હતા તેથી તેમને તેવા દીર્ઘદર્શી પુરૂષોના જ્ઞાનનો અમુલ્ય લાભ મળ્યો હતો. પરિષદમાં પાટીદારોના સામાજીક સવાલો ઉપરાંતની જરૂરી બાબતોમાં પરમેનેન્ટ મહેસુલ, લોકલબોર્ડનો વિકાસ, ગ્રામ્ય પંચાયતોની સ્થાપના, વેઠ કાઢી નાંખવાનો સવાલ, મફત અને ફરજીયાત કેળવણી વગેરે મુદ્દાના વિષયોને પણ હાથ ધરવામાં આવ્યા હતા એ રીતે આ વખતની બેઠકે સંકુચીત વૃત્તિથી જાતિય હિત તરફજ લક્ષ આપ્યું હતું એટલું નહિ પણ દેશની સામાન્ય હિતની બાબતોને પણ હાથ ધરી હિંદની ચળવળમાં પોતાનો હિસ્સો આપ્યો હતો. તે ખાતે અમે મે. સભાપતિ સાહેબ અને કાર્યવાહકોને ઘણા ઘણા ધન્યવાદ આપીએ છીએ.

ખેતીવાડીના પ્રદર્શનમાં પણ ખેડુતોના લાભને ખાતર ખેતીને લગતાં તમામ અગત્યનાં ઓજારો જેવાંકે લોઢાનાં જુદી જુદી જાતનાં હળો, દંતાળો, પંપ, ઉપણવાને લણવાના સાંચા, પુના ખેતીવાડી ખાતાના મંજરી ફાર્મની ગોળ બનાવવાની ભઠ્ઠી, ડાંગર ખાંડવાના સંચા, તેલી બીયાંમાંથી તેલ કાઢવાના સંચા, બે બળદથી એકી સાથે બે કોસ ખેંચી શકાય તેવા દેશી બનાવટના રેંટ તથા ખેતી ઉપયોગી ગાયો, ભેંસો, બળદો, ઘોડા વગેરેનો સારો જમાવ કર્યો હતો.

એકંદર રીતે આ પરિષદનું કામ ઘણું ફતેહમંદ ઉતર્યું છે. ખેડુતોના હિતને વાસ્તે થતા આવા શુભ અને પરોપકારી પ્રયાસોને હે દયાનીધી પરમાત્મા! આપ સફળ કરો; તેવી અમારી રંક કૃષીકારોની વિનંતિ છે.

---

# ગામડાના ખેડુતોની હાડમારીઓ.

ભારતવર્ષની આબાદીનો સઘળો આધાર ખેતી ઉપરજ રહેલો છે. જ્યાં સુધી આપણી ખેતી સુધરશે નહિ ત્યાં સુધી આપણા દેશની જાહોજલાલી વધી શકે તેમ નથી. પૂર્વકાળથી હિંદનો મુખ્ય ધંધો ખેતી છે, અને આપણા દેશની જમીન તેમજ આબો હવા પણ ખેતીને માટે સાનુકૂળ છે; અને તેથીજ આપણામાં કહેવત છે કે—"ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ટ ચાકરી." છતાં પણ આપણી સરકાર તેમજ પ્રજા તરફથી જોઇએ તેટલું લક્ષ હજુ આ ધંધા ઉપર અપાયું નથી. આપણામાં કહેવત છે તેને જેટલું

માન અથવા ધ્યાન આપણે આપીએ છીએ તે કરતાં યુરોપ અમેરિકાદિ દેશો વધારે આપે છે. આપણા દેશની ખેતીમાં બિલકુલ સુધારાજ થતા નથી; અને બિચારા ગામડાંના અભણ ખેડુતો પોતાને વંશપરંપરાથી વારસામાં મળેલી રૂઢી પ્રમાણે ગાડરીઆ પ્રવાહમાં તણાયા જાય છે—ગધા વૈતરૂં કૂટયાં કરે છે. આપણાં સાધનો તો કોણજાણે કેટલાંએ વર્ષથી એનાંએજ ચાલ્યાં કરે છે.

આમાં દોષ કોનો કાઢવો? ખેડુતો બિચારા અભણ એટલે એમને તો સૂઝેજ કયાંથી; પણ આપણો વિદ્વાન વર્ગજ ખેતીની બાબતમાં દુર્લક્ષ રહે છે. તો ખેડુતોનો વાંક શું કાઢવો? એ બિચારા ગામડામાં અજ્ઞાન રૂપી કીચડમાં સડયાં કરે છે. એમના સામે દયાની દૃષ્ટિએ કોણ જુએ છે? શહેરોમાં સડકો જોઇએ, પાણીના નળ જોઇએ. અમદાવાદ જેવાં મોટાં શહેરોની આજુબાજુ સારી સડકો જોઇએ, કે જ્યાં અધિકારીઓને અવાર નવાર આવજા કરવી પડતી હોય. પણ ધોલકા ધંધુકા તેમજ બીજા જીલ્લાઓના મોટા શહેરોથી દૂરના તાલુકાનાં ગામડાંઓમાં કાંઇજ નહિ. કારણ કે ત્યાં આગળ મોટા અધિકારીઓનો ઝાઝો પગ ફેર કયાં હોય છે? એટલે કાંઈ જરૂર રહી નહિ. આવી એકજ સ્થુળ બાબત પરથીજ ગામડાના ખેડુતોની સ્થિતિનો સાધારણ ખ્યાલ આવી જાય છે. પણ જો એમની સ્થિતિની બારીક તપાસ કરીએ તો વળી બહુજ દયાજનક સ્થિતિ માલૂમ પડે છે.

ગામડાના લોકોને કેળવવા તરફ કોનું ધ્યાન છે? પાંચ કે છ ગામડાં વચ્ચે માત્ર એકાદ પ્રાથમિક નિશાળ થઇ એટલે કેળવણીનો સવાલ પૂરો થયો. બિચારા અજ્ઞાન લોકોને શું ખબર કે કેળવણીથી શા શા લાભ થાય છે. તે તો એમજ સમજે છે કે આપણા બાપદાદા કયાં ભણેલા હતા? માટે એમની જીંદગી ગઇ તેમ આપણી પણ જશે. કદાચ ભોગ જોગે ગામમાં નિશાળ હોયતો અજ્ઞાનરૂપ અંધકારમાં અથડાતા ગામડીઆઓને બે પૈસાની મજુરીના સ્વાર્થે છોકરાને નિશાળે મોકલવાનું તો સુઝેજ નહિ. આમ જ્યારે તેમની પ્રાથમિક કેળવણી માટેજ આવી સ્થિતિ છે; તો પછી આગળ ઉંચી કેળવણીની તો વાતજ શું કરવી?

જે ખેડુતો સમસ્ત પ્રજાના હરકોઇ ધંધાદારીઓ કરતાં સરકારને વધારે કર ભરે છે; તેજ ખેડુતોનાં બાળકો આમ અજ્ઞાન રહી જાય, અને જે શહેરી વર્ગ સરકારને ખેડુતો કરતાં ઘણોજ ઓછો કર ભરે છે; તેઓ ખેડુતોના પૈસાનો લાભ લઇ ઉલટા તેઓના ઉપરજ અધિકારીનો દમામ કરી દબાવતા ને ધમકાવતા ફરે એ કાંઈ ઓછી દયાજનક સ્થિતિ કહેવાય નહિ.

જ્યારે શહેરોમાં અનેક મોટી મોટી શાળાઓ છે, ત્યારે ગામડાંઓમાં પાંચ છ ગામડાં વચ્ચે એકાદ નિશાળથી ચલાવી લેવામાં આવે છે આમ પોતાના પૈસાનો બીજા લાભ લે છે, અને પોતાને અજ્ઞાનરૂપ અંધકારમાં ગોથાં ખાવાં પડે છે, માટે આ વર્ગ તરફ કાંઇક દયાની દૃષ્ટિથી જોઇને તેઓની પ્રાથમિક તેમજ ઉદ્યોગિક કેળવણી ઉપર સચોટ લક્ષ આપી તેમાં ઘણોજ સુધારો વધારો કરવાની જરૂર છે.

જે લોકો બિચારા કાળા અક્ષરને કૂટી મારે તેવા છે; તેઓને પોતાના ધંધામાં સુધારા વધારા કરવાનું ભાન કયાંથી હોય?

ઘણાંખરાં ગામડાંમાં સાધારણ રીતે પ્રાથમિક શાળાઓ હોય છે ખરી; પણ ઉપર જણાવ્યા મુજબ કેળવણીની કદર વગરના ખેડુતો તેનો સારો લાભ લેતા નથી. તેઓને પોતાનાં બાળકોને નિશાળે મોકલવાનું સમજાવતાં તેઓ કહે છે કે—"અમારે કયાં છોકરાઓને નોકરી કરવા મોકલવા છે. અમારે તો બળદનાં પૂછડાં આમળતાં આવડશે એટલે બસ છે. વાણીઆ બ્રાહ્મણનાં છોકરાંઓને ભણવું જોઇએ કારણ કે એમને તો સરાવવાનું અને પરણાવવાનું તથા નામાંઠામાં લખવાનું કામ હોય એટલે એમને ન ચાલે. પણ અમારે કાંઈ પણ ભણવાની જરૂર છે નહિ," વળી કેટલીક ભોઠ ગામડીઅણો તો એમ પણ બોલતાં શરમાતી નથી કે "મારા છોકરાને તો નિશાળ સદતી (પથ્ય આવતી) નથી." આવી જેને કેળવણીની સુજ તે માબાપો પોતાનાં બાળકોને પ્રાથમિક કેળવણી પણ આપી શકે નહિ, તેમની આગળ ગૃહ કેળવણી અથવા સારી ઉંચી કેળવણીની તો વાતજ શું કરવી?

ગામડાના લોકોમાં કેળવણી મેળવવા સંબંધી આટલું બધું અજ્ઞાન હોવાથી શિક્ષકો પણ બિચારા જોઇએ તેવી રીતે ફાવી શકતા નથી. તેઓને પોતાના કાર્યમાં અનેક વિટંબણાઓ આવી પડે છે. સંખ્યા તથા હાજરીને માટે તેઓને સખત હાડમારી ભોગવવી પડે છે. વારંવાર સમજાવતાં છતાં પણ અજ્ઞાન લોકો માનતા નથી. વળી ખેતીની મોસમમાં તો સમજુ માબાપો પણ બાળકોને નિશાળે નહિ મોકલતાં માસનામાસ સુધી ખેતીના કામમાં રોકી રાખે છે. આમ રોકવાનો તેમનો હેતુ જો બાળકને ખેતીનું કામ શિખવવાનો હોય તો ઘણું સારૂં, પણ માત્ર મહિને બે ચાર રૂપિઆ રખવાળીના બચાવવાની ખાતર બાળકનું જીવન તેઓ ખરાબ કરે છે. આથી શિક્ષકો પણ નિરાશ થાય છે. કારણકે તેઓ ગમે તેટલું સારૂં જ્ઞાન આપતા હોય તોપણ સંખ્યા હાજરી સિવાય ભણાવેજ કોને? આખા કલાસમાં અરધા હાજર અને અરધા ગેરહાજર હોય તો પછી શિખવવું કોને? અથવા આજે જે આવ્યા હોય તે કાલે ન આવે અને કાલે આવ્યા હોય તે આજે ન આવે. તો શિક્ષણ કેવી રીતે આપવું. આમ કરતાં કરતાં એ જો નિશાળે આવે તો વાંચતાં લખતાંએ શીખે. પણ જે બીલકુલ નિશાળ સામુજ જોતા નથી અને બાપના કુવામાં બુડી મરવા જેવું કરે છે, તેમને માટે શું કરવું? એવાં બાળકોને કેળવવા શિક્ષકો પ્રયત્ન કરે તો પણ નિષ્ફળ થાય છે. આ વિષયનો ખરો ખ્યાલ તો ગામડાની ગૃહિણીઓનાં વાગ્બાણનો સ્વાદ ચાખ્યો હોય તેનેજ હોય.

આમ જેને ઘેર જઇને સમજાવતાં છતાં પણ માનતા નથી તેવા અજ્ઞાન લોકોને માટે તો ફરજિયાત કેળવણીનીજ જરૂર છે, કોઇપણ માણસને સીધે રસ્તે લાવવાના ચાર ઇલાજ છે–શામ, દામ, ભેદ ને દંડ. આમાંનો છેલ્લો પ્રયોગ હમણાં ગામડાંના અજ્ઞાન લોકોને કેળવવા માટે જરૂરનો છે. આમ ફરજિયાત કેળવણીની ખાસ જરૂર છે. એટલુંજ નહિ પણ સાથે ગામડાઓમાંના ધંધાઓમાં મુખ્યત્વે કરીને ખેતીજ છે. એટલે તેમાં પણ ઘણો સારો સુધારો કરવાની જરૂર છે. અને તે માટે ગામડાંઓમાં ખેતીવાડીની નિશાળો ખોલવાની જરૂર છે. શરૂઆતથીજ દરેક ગામડાંમાં આવી નિશાળ રાખવાનું પરવડે નહિ; પણ પ્રથમ દરેક તાલુકા વાર બબ્બે ત્રણ ત્રણ આવી નિશાળો ઉઘાડવી અને તેમાં બાળકોને ખેતીનુંજ જ્ઞાન આપવું. પાછળથી નાણાંની સવડ થતી જાય તે પ્રમાણે દરેક પ્રાથમિકશાળા જોડે આ નિશાળો જોડી દેવી. આ પ્રમાણે જ્યારે ખેડુતો ભણશે ત્યારેજ તેમની સ્થિતિ

સુધરે તેમ છે. અને સર્વ કોઇ ખેતીને ચ્હાતા થશે. તેથી હાલની તેઓની માન્યતા–નોકરી માટે ભણવું છે; તે પણ દૂર થશે. વળી જે ભણેલાઓમાંના નવાણું ટકા નોકરીજ કરે છે, એવું નજરે જુવે છે, તે નોકરી માટેજ ભણવું પડતું હશે એમ માને તો તેની ભૂલ કેવી રીતે કહી શકાય ? ગામડાના શિક્ષકો પણ આ બાબત થોડા દોષિત છે ખરા. કારણકે પોતાના વિદ્યાર્થીઓને તેઓ વર્નાક્યુલર ફાઇનલ પરિક્ષા પાસ કરાવીને તરતજ નવ રૂપિઆના આસિસ્ટંટની અથવા તાલુકાની કચેરીમાં ઉમેદવારની જગા અપાવીને પોતાને કૃતકૃત્ય માને છે. આ તેઓની મોટી ભૂલ છે. તેઓએ તો આવી ટુંકા પગારની નોકરી માટેની લાલસાઓ દૂર કરાવીને સારા સ્વતંત્ર ધંધામાં બાળકોને જોડવાનો પ્રયત્ન કરવો જોઇએ. કારણકે તેથી એમનું બુદ્ધિબળ ખીલે અને સાહસિક બને. નોકરી ગમે તેવા સારા પગારની હોય તોપણ તે એક સાધારણ પણ સ્વતંત્ર ધંધા સમાન હોઈ શકેજ નહિ.

ખેતીના ધંધામાં કેળવણી અને સુધારાની ખામીને લીધે આપણી જમીન દિન પ્રતિદિન કસહીન થતી જાય છે.–અરે થઇ ગઇ છે. આથી તેમજ અવારનવાર દુકાળો પડવાથી પણ ખેતીના ધંધામાં લોકો બરાબર ફાવી શકતા નથી. કારણકે તેઓને દુકાળના પંજામાંથી કેમ છુટવું અને તેવે વખતે પણ જમીનમાંથી પાક કેમ ઉત્પન્ન કરવો તેનું તેઓને બિલ્કુલ જ્ઞાન નથી. પછી અતિશય હેરાનગતિને લીધે તેઓ કાયર થઈ જાય છે. વળી એમને સ્વતંત્રતાના સુખનું તો ભાનજ નથી. એટલે નોકરીથી શાં શાં દુઃખ ભોગવવાં પડે છે; તે વાતનો ખ્યાલ એમને શાનો હોય ? તેઓ તો માત્ર બહારનો ડોળ જોઇનેજ અંજાઈ જાય. અને સમજે કે નોકરીમાં તો કેવીએ મઝા હશે. અમુક પગારમાં પોતાનું આખું જીવન પોતાના શેઠને અથવા સરકારને સોંપી દેવું. શેઠના અથવા ઉપરી અધિકારીઓના ઠપકા સાંભળવા, વળી નોકરી બરાબર થાય ત્યાં સુધી તો ઠીક પણ જો જરા પણ કસુર પકડાઇ તો પછી " કરી કરી ને નો કરી (ના કરી ) થાય." એટલે "ગાઇ ગાઇને ગાયું ને વરનું નામ ઢેખાળો " વળી આ સિવાય પણ પરતંત્રતામાં અનેક અડચણો ઉભેલી છે. જેનું લૂણ ખાતા હોઇએ તેની ભૂલચૂક તો કઢાયજ નહિ. તે જે કરે તે સવાવીસ માનવું પડે. આમ ઠેકાણે ઠેકાણે મુશ્કેલીઓ ઉભેલીજ હોય છે. આ બધી બાબતનું એ અજ્ઞાન લોકોને ક્યાંથી ભાન હોય ?

આમ કોઇપણ જાતના સુધારા તથા કેળવણી વગર ખેતી દિન પ્રતિદિન નબળી પડતી ગઇ, તેની સાથે ખેડુતો પણ બિચારા ભૂખે મરતા થઇ ગયા. ગામડાંઓમાં ખેડુતોની વાસ્તવિક સ્થિતિ કેવી છે, તેનું ભાન શહેરની સડકો પર સહેલ કરતા શહેરીઓને ક્યાંથી હોય ?

એક ખેડુતનો છોકરો મ્હારી નિશાળમાંજ ભણવા આવતો હતો, પણ પછી તે અટકી ગયો. આ છોકરો ત્રીજુ ધોરણ ભણતો હતો. ભણવામાં પણ તે ચાલાક હતો. જ્યારે તેઓએ એવી દલીલ રજુ કરી કે " અમારા ઘરમાં ખાવા અનાજ પણ નથી અમે બચરવાળ ( બાળબચ્ચાંવાળા ) માણસ છીએ. એ બધાનું પૂરૂં ક્યાંથી કરવું માટે નવો દાણો પાકતાં સુધી અમે એને નિશાળે મોકલી શકીશું નહિ " આ વાત દુકાળની છે, એમ નથી. પણ આતો સારા વર્ષની વાત છે. જ્યારે સાધારણ વર્ષોમાં પણ આપણા ઘણાખરા ખેડુ-

તેની આવી દશા હોય, તો પછી દુકાળનું તો કહેવુંજ શું? એક માત્ર પાંચ રૂપિઆના પગાર માટે તેમણે પોતાના બાળકનું જીવન ખરાબ કર્યું હતું. જે વખતે તે માણુસ પોતાની સ્થિતિ જણાવતો હતો તે વખતની એની મુખમુદ્રા જોઇને દુશ્મનને પણ દયા ઉપજે તેમ હતું. આમ એક પાસથીજ તેઓ પીડાય છે એમ નથી પણ તેઓને ચારે બાજુથી હાડમારીઓ નડે છે. વેપારીઓ પણ તેમને પજવવામાં કાંઇ બાકી રાખતા નથી. એનો પણ એક દાખલો અત્રે ટાંકીશું તો તે અસ્થાને નહિ ગણાય. ધોલકા તાલુકાના એક ગામમાં એક ખેડુત પાસે એક વાણીઆના જુના લહેણાના કાંઇ પાંચ પચીસ રૂપિઆ રહ્યા હશે. તે વાણીએ બે ચાર વખત માગેલા પણ ખેડુતથી તેની સવડ થઈ શકી નહિ. વાણીઓ કોર્ટે ચડયો અને ત્યાંથી હુકમનામું થયું. મુદત પૂરી થતાં ખેડુતના ઘેર જપ્તી થઇ. અને રાચરચીલું લીલામ થવા માંડયું. છેવટ એક બે વાસણો રહ્યાં. ત્યારે પેલા ખેડુતે આજીજી કરીને વાણીઆને કહ્યું કે—“ ભાઇ આ બે ત્રણ વાસણ તું લીલામ કરવાં રહેવા દે તો તારી મહેરબાની. કાંઇ એટલામાં સઘળું દેવું વળી નહિ જાય.” આટલું પૂરૂં બોલી પણ રહ્યો નહિ એટલામાં તો પેલો વેપારી બોલી ઉઠયો “ કે એટલામાં પૂરૂં નહિ થાય તો પછી તારી **બેન તથા બૈરીને લીલામ** કરીને પણ પૂરૂં કરીશ. ” પ્રિય વાંચક ! આ વચનો સાંભળનાર ગમે તેનો નામર્દ હોય, તોપણ એનો પીત્તો ઉછળ્યા વગર રહે ખરો? ખેડુત પાસે હથિઆર તો કાંઇ હતું નહિ, પણ બાજુએ કપડાં ધોવાનો ધોકો પડેલો હતો; તે ઉપાડીને ઉઘાડે માથે બેઠેલા શેઠના માથામાં એવો ચોડી દીધો ને કે તે તો તર્તજ અહિંની કોર્ટમાં નહિ ફાવવાથી આ વિશ્વની મહાન કોર્ટમાં ફરિયાદ કરવા ગયા તે હવે આવશે. પ્રિય વાચક ! આ ખેડુતના હૃદયની સ્થિતિ કેવી થઇ હશે ? ત્યારે એણે આટલું સાહસ ખેડયું હશે ? તેની કલ્પના કરવી પણ મુસીબત છે. આખરે છેવટના ન્યાયમાં ખેડુત છુટી ગયો, તે તેનાં ભાગ્ય. આ પ્રમાણે વેપારીઓ એક પોતાની પાંચ પચીસની રકમ માટે ખેડુતોની કેટલી હાડમારી કરે છે, તેનો આ આબેહુબ ચિતાર છે. ગામડાના વેપારીઓ ખેડુતને પ્રથમ નાણાં ધીરે છે, અને પછી ધીમે ધીમે ઉંદરની માફક ફૂંકી ફૂંકીને કરડી ખાય છે. એટલે ધીમે ધીમે આપણે વાચનમાળામાં ભણી ગયા તેમ “ સત્તર પાંચ પંચાણું ને બે મૂકયા છુટના એટલે સત્તાણું લાવો પટેલ સોમાં બે ઓછા ” આમ કરીને અથવા તેઓની ગરજ વર્તીને દોઢા અને બમણા લેવાનો ઠરાવ કરીને પણ જેટલું ખેંચાય એટલું ખેંચી લે છે, આના અને દોઢ દોઢ આનાની તેરીખો ગણે, દસ દસ બાર બાર ટકા કોથળી છોડમણ લે, ( રૂપિઆ આપતી વખતે સોમાંથી અમુક ઓછા આપીને પૂરા સોનું ખાતું પડાવી લેવું તે ) વળી બિચારાનું ચક્રવૃદ્ધિ ( દિવાળી બાકી ) બ્યાજ ગણાય, છેવટે હીસાબમાં એ ઉપર જણાવ્યા પ્રમાણે ગોટાળા વાળે, અને કઢાય તેટલું કાઢી લે. આમ કરતાંએ પોતાથી જ્યારે કાંઇ લઇ શકાય તેવું ન રહે ત્યારે ખોટાં ખત અને જૂઠા સાક્ષી ઉભા કરીને કોર્ટે ચડે ત્યાંથી હુકમનામાં કઢાવીને ઉપર જણાવ્યું તેમ બિચારાને લૂંટી લે. એ કરતાં કસાઇ શું ખોટા ? કે બિચારા પોતાના પંઝામાં સપડાએલાં પ્રાણીઓને એકાદ બે મિનિટમાંજ ખતમ કરી નાખે છે. પણુ આ તો ધીમે ધીમે રીબાવી રીબાવી દુઃખી કરે છે.

પ્રિય વાંચક ! તું પણ બાળપણમાં ભણ્યો હોઇશ કે.

રે ખેડુત તું ખરે જગતનો તાત ગણાયો,
આ સઘળો સંસાર પાળતો તુંજ જણાયો.

× × × × ×

અહા ! આ પ્રમાણે પોતાના ખેડુત પિતાનાંજ ધોતીઆં ખેંચી લે છે એ શું ઓછી શરમની વાત છે.

આમ એકલા વેપારીઓજ ખેડુત પિતાનાં ધોતીઆં ખેંચે છે, એમજ નથી પણ રેવન્યુ તેમજ પોલીસ ખાતાના હલકા અમલદારો પણ તેમને પજવવામાં ખામી રાખતા નથી. તેથીજ બિચારા લોકો જેમ ઉંદર બિલાડીથી ડરે તેમ ડરતાજ રહે છે. એ લોકો અભણ છે, એટલે કાયદા તો જાણેજ શેના. પછી આ સાહેબોના પાસા પોબારજ પડવાના. ખેડુતોએ મહા મુશીબતે મેળવેલું દ્રવ્ય જાણે એમના બાપનુંજ હોય તેમ સમજે છે; અને "મારતા મિઆંની તરવારો" ચલાવે છે.

મહેસુલ ઉઘરાવવામાં તલાટીઓ બહુજ જુલમ કરે છે. વખતસર પૈસા આપતાં છતાં પણ પાનસોપારી માટે ખેડુતોને પજવે છે. વળી જો વસુલાત મુલતવી રાખવાની હોય તો એના ભાવ ચડીજ ગયા સમજવા. તેમ છતાંએ મુલતવી રહેતો ઠીક કિન્તુ જો લેવાનુંજ નક્કી ઠર્યું તો જોઇ લ્યો એ બિચારાની ફજેતી. એનાં બચકા પોટલાં કેવી રીતે ફેંદાય છે; અને એનાં છોકરાં કેવાં ટળવળે છે ? સરકારે આ બાબત ખાસ લક્ષમાં લેવી જોઇએ. આવા તદ્દન ગરીબ ખેડુતોને વસુલાત ભરવા વગેરેમાં કેટલીક ખાસ છુટો આપવી જોઇએ. જ્યારે દુકાળ પડે ત્યારે અથવા એકાદ આખા પરગણામાં પાક બિલકુલ પાકયો ન હોય ત્યારે તો થોડીઘણી છુટો મળે છે. તો આ લોકો બિચારા જેઓને માથે સદાને માટે દુકાળ છે; તેમને છુટો શા માટે ન મળવી જોઇએ ? આવા લોકોને જો ગરીબાઇમાં કાંઇક આધાર મળતો રહે તોજ તેઓનું ટટ્ટુ ચાલે. નહિ તો દિન પ્રતિદિન તેઓ અતિશય ગરીબ થતા જાય છે, અને હિંદમાં બાવન લાખ બાવાઓ તો છે; અને તેમાં હજુ આ પ્રમાણે ઉદર નિર્વાહનો બીજો કોઈ રસ્તો નહિ મળવાથી વધારો થતોજ જાય છે. વળી દુકાળના વખતમાં સરકાર લોકોને તગાવી આપે છે ખરી, પણ એજ તગાવી પાછી વ્યાજ સાથે જ્યારે વસુલ કરાય છે; ત્યારે ખેડુતોને એમજ થાય છે; કે બળ્યું આ કરતાં આ નાણાં ન લીધાં હોત તોપણ ઠીક. એટલે કે એ વખતે ગરીબ ખેડુતોને બહુજ સોશવું પડે છે. વસુલાતમાં જેમ સખતાઈ થાય છે, તેમ નાણાં લેવામાં પણ તેવીજ સખતાઈ કરવામાં આવે છે. માટે આ તથા સરકારી બીજાં હરકોઇ લેણાં વસુલ કરવામાં ગરીબ ખેડુતો પર સારી રહેમ નજર રાખવી જોઇએ. તેમની માલ મીલકત જપ્ત કરવામાં, તેમને ખેતીના ધંધાને માટે ખાસ જરૂરની ચીજો તેમજ બીજ તથા તેમના ઉદરપોષણને જોઈએ તેટલું અન્ન રાખીનેજ બાકીની ચીજો જપ્ત કરવી જોઇએ. પણ એવાં નાણાં થોડી મુદ્દતમાં ભરી દેવા માટે કબુલાત આપી સારા જામીન આપતો હોય તો તેની મિલકત જપ્ત ન કરવી જોઇએ. વળી તે જામીન પણ ન આપી શકે અને મિલકત જપ્ત કરવાની ખાસ જરૂરજ પડે તો તે લીલામ કરવાની મુદતમાં વધારો કરવો જોઇએ. અને લગભગ એકાદ માસ સુધીની મુદત આપવી જોઇએ.

1917-01 & 02 -Kadva Vijay (1493)





જમીન મહેસુલના આકાર આકારવામાં પણ ઘણે ઠેકાણે અન્યાય થાય છે. માટે તે બાબત પણ ખાસ સુધારો થવાની જરૂર છે. તેમજ મોજણીદારો પણ કેટલેક ઠેકાણે લાંચ રૂશ્વત લેવા ચૂકતા નથી. આ બાબત પણ પૂરતી તપાસ રહેવી જોઇએ. વળી કોઇપણ અમુક લત્તાની જમીન એકી સાથે બેચાર વર્ષ તદ્દન ઓછો પાક આપતી માલમ પડે તો, તેમાં પણ વસુલાતનો ઘટાડો કરવો જોઇએ. એવે વખતે હાલના ધારાનેજ વળ રહેવું ન જોઇએ.

આમ જ્યાં સુધી રાજ્ય તરફથીજ ખેતીના સુધારા ઉપર લક્ષ આપવામાં આવશે નહિ ત્યાં સુધી આપણી ખેતી સુધરી શકે તેમ નથી. અમેરિકાદિ દેશોમાં ખેડુતોને માટે ઘણી શાળાઓ છે. અને તેમાં એમને પૂરતું ખેતીનું જ્ઞાન મળે છે. આથીજ અત્યારે આખી દુનિઆમાં અમેરિકાની ખેતી પહેલો નંબર ભોગવે છે. અને તે દેશની પ્રસિદ્ધિનું કારણ પણ તેમનું આ બાબતનું સંગીન જ્ઞાન એ પહેલું છે. ત્યાંના ખેડુતો ઘણાજ ધનવાન બની ગયા છે. તેમણે ખેતીની ઘણીજ શોધખોળ કરી કરીને અનેક સંચાઓ બનાવ્યા છે. કે જેનાથી એકજ દિવસમાં હજારો વિઘાં જમીન ખેડી શકાય છે. એટલુંજ નહિ પણ વાઢવાના તેમજ અનાજ પીલીને ચોકખું કરવાના પણ ઘણી જાતના સંચાઓ બનાવ્યા છે. આપણા દેશમાં પણ એ પદ્ધતિ દાખલ કરવાની ખાસ જરૂર છે. અને તે માટે ગામડાંઓમાં ખેતીવાડીની શાળાઓ ખોલવાની જરૂર છે, અને તેમાં બાળકોને ઘણું સંગીન-જ્ઞાન આપવું જોઇએ. એવી શાળાઓમાં જમીન કેમ ખેડવી તથા વાવવી, તેમાં જુદા જુદા પાક માટે ખાતર કેવાં પુરવાં, ઓજારો કેવાં રાખવાં, પાકમાં રોગ આવે તો તેનો કેવી રીતે બચાવ કરવો, બી કેમ તૈયાર કરવાં, ઢોર કેમ ઉછેરવાં, વગેરે બાબતોનું સંપૂર્ણ જ્ઞાન તેમનાં બાળકોને મળવું જોઇએ.

આવી નિશાળો હમણાં દરેક ગામડે કાઢવાનું પરવડે નહિ પણ શરૂઆતમાં દરેક તાલુકા બબ્બે ત્રણ ત્રણ નિશાળો કાઢવી, અને તે દરેકમાં સવડ પ્રમાણે લગભગ સો સો નંબર અથવા તેથી વધારે રાખવા, અને પછી ધીમે ધીમે દરેક ગામમાં ઉઘાડવી. વળી આવી નિશાળોમાં એકલું ખેતીનુંજ જ્ઞાન આપવાનું નથી પણ તેની સાથે ખેતીનું એક અંગ જે ઢોર-તેમને ઉછેરવાનું પણ સારૂં જ્ઞાન આપવાની જરૂર છે. અને તેટલા માટે દરેક વિદ્યાર્થીને એકેક (ઉમરના પ્રમાણમાં નાનું મોટું) ઢોર સોંપવું જોઇએ. નાના બાળકને ઘેટી તેમજ મોટા ને ગાય ભેંસ સોંપવી જોઇએ. આવી સો નંબરની શાળાનું ખર્ચ બીજી શાળાઓના પ્રમાણમાં બહુજ ઓછું આવે. તે નીચેના કોઠા પરથી માલમ પડશે—

| શરૂઆતનું ખર્ચ— | વાર્ષિક ખર્ચ— |
|---|---|
| ૧૫૦૦૦) મકાન ખર્ચ. | ૩૦૦૦) શિક્ષકોનો પગાર. |
| ૫૦૦૦) ઓજારોના. | ૧૨૦૦) પ્રેસીડેન્ટ. |
| ૩૦૦૦) ઢોરના. | ૧૮૦૦) બીજા ત્રણ શિક્ષકો. |
| ૨૦૦૦) બોર્ડીંગનો પરચુરણ સામાન. | ૧૦૦૦) નોકરોનો પગાર. |
| ૫૦૦૦) સો એકર જમીન. | ૩૦૦) રસોડાના નોકરો ૪ |

૭૦૦૦) પાણીનો કૂવો તેમજ પંપ
દસકોસનું પાણી જોઇએ.

૩૭૦૦૦

વાર્હિક પેદાશ—

૧૦૦૦૦ ખેતીની પેદાશ.
૫૦૦૦ ઘઉં તથા કપાસ.
૩૦૦૦ બાગાયાત પાક.
૨૦૦૦ જીરાયત પાક.

૫૦૦૦ ઢોરની પેદાશ.
૩૦૦ ઘી દૂધના.
૨૦૦ વાછડાં પાડાંના.

૧૫૦૦૦

૭૦૦) ખેતીના નોકરો ૬

૧૩૫૦૦) ખોરાકી ખર્ચ—
૧૦૦૦૦ વિદ્યાર્થીઓની ખોરાકી
૩૦૦૦ ઢોરની ખોરાકી.
૫૦૦ દવા દારૂના.

૫૦૦) મકાનોની મરામત ખર્ચના

૫૦૦) ઓજારો દુરસ્ત કરાવવાં તેમ નવાં ખરીદવાના.

૧૦૦૦) બી, ધરૂ (તરૂ) તથા રોપા અને ખાતર ખર્ચના—

૧૦૦૦) પરચુરણ ખર્ચના

૨૦૫૦૦)

જ ૧૫૦૦૦ વાર્ષિક આવક.

૫૫૦૦ ચોકખું વાર્ષિક ખર્ચ.

(આ આંકડા રા. રા. દુલેરાય સી. અંજારિઆ સરાવાળાની સાનુમતીથી નિર્ણિત કર્યા છે.)

ઉપર પ્રમાણે આપણા ખેડુતોની એકલી આર્થિક સ્થિતિ ખરાબ છે, એમ નથી. પણ તેની સાથે તેઓની શારીરિક સ્થિતિ પણ જોઈએ તેવી સારી નથી. તેનાં કારણો પણ ઘણાં છે. પ્રથમ તો આપણા ખેડુતો ગરીબાઇને લીધે અને અજ્ઞાનતાને લીધે સારૂ અનાજ પોતે ખાતા નથી, અને સારો ભાવ લેવાની ખાતર ઉંચા પ્રકારનું અનાજ વેચી નાખી પોતાને ખાવા હલકા પ્રકારનું અનાજ રાખે છે. આમ પ્રથમ તો અનાજ જ ખરાબ ખાય છે. વળી તેઓને ઘેર ઘણુંખરૂં દુઝણાં ઢોર હોય છે ખરાં, પરન્તુ પૈસાના લોભમાં તેઓ ઘી દુધ પણ પુરૂં ખાતા નથી. વળી હમણાં તો ડેરીવાળાં દેધડાં ગામેગામ ફરી વળ્યાં છે. જેથી લોકો વલોવવા વગેરેની તસ્દી નહિ લેતાં તાત્કાળીક નાણાં ઘડી લે છે. પણ એથી એમનાં શરીરપર શી અસર થાય છે, તે એ મૂઢ માણસો ક્યાં સમજે છે. પૈસાના લોભમાં ને લોભમાં પોતાનાં વહાલાં બાળકોને પણ ટળવળતાં મૂકી દુધ વેચી મારે છે. જ્યારે વલોવવાનું હોય ત્યારે દુધની કીંમત એ લોકોને નજરે નથી પડતી, પણ આમ જ્યારે વેચી મારવાનું હોય ત્યારે તો પાશેર દુધનો પૈસો એક ભાળે એટલે છોકરાને આપતાં પણ મૂર્ખ બૈરીઓને હૈયે વાગે છે. આમ સારૂં અનાજ ન ખાય વળી ન ખાય ઘી કે દુધ. પછી ખાવાને રહ્યાં છાશ, છોડાં ને છોતરાં. પણ શહેરોની આજુબાજુ તો છાશ પણ વેચાઈ જાય એટલે તે પણ મળે નહિ પછી મરચાં ને બંટી બાવટાના રોટલા કરડયાં કરે અને આખો દહાડો મજુરી કુટયાં કરે. એમનાં શરીર પછી ક્યાંથી સારાં હોય.?

આ પ્રમાણે ખોરાકમાં તેઓ બેદરકાર રહે છે. એટલુંજ નહિ પણ કપડાં લતાં પણ જોઇએ તેવાં રાખતા નથી. તેઓ બહુ ગંદાં તથા તદ્દન ફાટી ગએલાં પહેરે છે. પણ તેઓએ તો સારાં જાડાં અને મજબુત કપડાં રાખવાં જોઇએ. વળી તેને વારંવાર ધોવાં જોઇએ.

વળી સરકારે શહેરના લોકોને માટે દવાખાનાં રાખ્યાં પણ ગામડાના લોકો માટે તો કાંઇજ નહિ. કોઇ મંદવાડ વગેરેનો કેસ હોય ત્યારે રોગીને દવા કરાવવા શહેરમાં લાવે તે પણ કેટલી બધી હેરાનગતિ ! ગામડેથી સ્ટેશન ઉપર લાવતાંજ કાંતો પુરો થઇ જાય. વળી સ્ટેશન પર પણ ગાડીમાં બેસાડતાં તથા ઉતારતાં કેટલી બધી વિપત્તી ! શહેરમાં લાવે ત્યારે પાછા ખર્ચના પોટલા એટલે કોઇ શહેરમાં દવા કરાવવા શાનુંજ આવે ? વળી ધારો કે એટલી અડચણો વેઠીને સાધારણ માણસો તો આવે પણ બિચારા ગરીબોનું શું ? એતો બિચારા ત્યાંને ત્યાં રીબાઇ રીબાઇને મરીજ જાયને? હવે આવા રોગી માટે સરકાર કદાચ કાંઈપણ સવડ કરી શકતી નહોય, પણ ખરી ખેતીની મોસમ ભાદરવા મહિનામાં જે વખતે તાવની પણ ખરી મોસમ હોય છે, અને ખેડુત બિચારો ખેતરમાં તાવે પીડાય અને બાયડી ઘરમાં તાવે પીડાય છે, તે વખતે તો સરકારે તેઓને માટે ખાસ ડાકટરો ગામડે મોકલવા જોઇએ. એટલુંજ નહિ પણ એ અજ્ઞાન લોકોને મેલેરીયાવાળાં પાણી તથા પીત્તવાળા ખોરાક નહિ લેવા માટે સારી સમજુત આપવી જોઇએ. આવા ડાકટર સરકાર હમણાં ગામડે કોઈ કોઇ વખત મોકલે છે ખરી પણ તે તો એકાદ દિવસ ગામમાં કવિનાઇન વહેંચીને ચાલ્યા જાય. જો આમજ તાવ અટકી જતો હોય તો કિવનાઇન તો પોષ્ટમાં પણ મળે છે. મા! તેવા ડાકટરોએ તો એવી તાવની મોસમ ચાલે ત્યાંસુધી એક બે ગામ માટે સ્થાયિ મુકામ રાખીને રહેવું જોઇએ. અને ઉપર જણાવ્યા પ્રમાણે દવાઓ આપવી તેમજ તાવથી દુર રહેવાના ઉપાયો બતાવવા જોઇએ. વળી ગામડાંઓમાં ચોમાસામાં ગંદકી બહુજ થાય છે તેનું મુખ્ય કારણ ઉકરડા છે. માટે ગામડાંના ઉકરડાઓ પણ સરકારે ખાસ દુર કઢાવવા જોઇએ. વળી ઘણાં ગામડાંઓમાં મહોલ્લાઓમાં પણ પાણીના ખાડ ભર્યા રહે છે. પણ ગામની આજુબાજું તો દરેક ગામમાં આવા ખાડા ભર્યાજ રહે છે. માટે આ બાબત ઉપર ગામડાના મુખીઓએ અને ગામ લોકોએ મળીને તે ખાડાઓ પૂરાવવા તેમજ તેવું ભરાઇ રહેતું પાણી દૂર ચાલ્યું જવાની કોશિશ કરવી જોઇએ. આમાં સરકારે પણ ખાસ આગળ પડતો ભાગ લેવો જોઇએ. કારણકે ગામડાના લોકો અજ્ઞાન હોવાથી પોતાનું હીત બરાબર સમજતા નથી.

ગામડા લોકો બિચારા અજ્ઞાન હોવાથી એમને બધાએ ડરાવે. એક ત્રણ ટકાનું તરકડું પણ આવીને મુખીને ચાર પાંચ ગાળો ભાંડી જાય છે. શું કરે? મુખી પણ બિચારો કાંતો સહી પણ "હગમરટપર" જેવી કરી જાણતો હોય તેને કાયદાનું તો ભાન ક્યાંથીજ હોય? આમ હોવાથી જેને રોફ મારવાની ઇચ્છા થાય તે કાળો કોટ ને કાળી ટોપી પહેરીને જાય ગામડે અને ત્યાં જઇને ફાવે તેમ વર્તે. આવા સાહેબો રસ્તે જતાં પણ ખેડુતોને પજવવામાં ક્યાં બાકી રાખે છે? રસ્તામાં કોઈનું ગાડું મળે કે એ ચાર ગાળો દેતાંકની ચડી બેઠા જાણે કે એમના બાપદાદાએ પૈસા ખર્ચ્યા ન હોય? વળી વેઠના સંબંધમાં પણ ખેડુતો પર ઘણો જુલમ ગુજારવામાં આવે છે. એક તો તેમનું ગમે તેવું અગત્યનું

કામ છોડીને તેઓને વેઠે જવું પડે છે. એટલુંજ નહિ પણ તેમના ગાડાંમાં હદ ઉપરાંત ભાર ભરાય છે. વળી આ વેઠ તે ખરેખર વેઠજ હોય છે નહિ કે ભાડાં મળે છે. આવા વખતે ખેડુતો આનાકાની કરે તો આપણા સિપાઇઓની ગાળો અને છેવટે ચાબુકોના માર પણ કેટલેક ઠેકાણે સહન કરવા પડે છે. એ શું ઓછી દયાજનક સ્થિતિ છે ?

ઉપરાંત અધિકારીઓના મુકામ વખતે પણ ઘાસચારો ખેડુતો પાસેથી મફત પડાવી લેવામાં આવે છે. સારો અધિકારી હોય અને કદાચ નાણાં આપે તો વચમાંથી કારકુનો ખોટી પહોંચો લખાવી લઇને ખાઇ જાય એટલે ખેડુતને તો એનું એજ. વળી પોતાનાં ઢોરના મોઢામાંથી કાઢીને પારકાં ઢોર ધરવવાં પડે છે. અને સરકારી ભથ્થાં તો આપણા સાહેબોના ખીસ્સામાંજ રહે છે, પછી તેમને તો ભલે એ પૈસા ડાકટર કે વકીલને આપવા પડે. કારણ કે એ પૈસા કોઈ સારા કામમાં તો અર્થ આવે નહિ પણ જેવા રસ્તેથી આવ્યા હોય તેવા રસ્તે પાછા જાય.

આવી આવી અનેક હાડમારીઓ ગામડાના ખેડુતો માથે આવી પડે છે. જો સવિસ્તર લખતાં તો એક ઈલાયદું પુસ્તકજ થાય, પણ હવે તો બસ. પણ આ દયાજનક સ્થિતિમાંથી ખેડુતોને બચાવવા માટે દરેક સુશિક્ષિત પુરૂષે કમ્મર બાંધવાની જરૂર છે.

સેવાભિલાષી મંડળ.
તા. ૧૫–૧૧–૧૬

લેખક.
માસ્તર રણછોડજી રતનસિંહ મહિડા.
કાળી.

# સૌ. પાર્વતીનાં લગ્ન.

યેવલા નિવાસી મ૦ એકનાથ સ્યામલાલનું નામ કડવા પાટીદાર કોમના વિદ્વાન વર્ગમાં મશહુર છે. ખાનદેશના યેવલા, બુરાનપુર અને ઔરંગાબાદ વીગેરે સ્થળોમાં ધંધાર્થે જઇ વસેલા કડવા અને લેવા પાટીદારોનાં ઘણાં ઘર છે. તેઓ મુળ વતની ગુજરાતના હોવાથી ઘરમાં ગુજરાતી ભાષા ચાલુ છે છતાં દેશ ભાષા મરાઠી હોવાથી તે પણ માતૃભાષા તરીકે દરેક કુટુંબમાં પ્રચલિત છે. પહેરવેશ દક્ષણી અને રિતરિવાજોમાં પણ દક્ષિણનું કેટલેક અંશે અનુકરણ કરેલું છે.

મ. એકનાથજીના નજીકના સગા સંબંધીઓ અમદાવાદમાં છે. અને તેમના ધર્મ પત્નિનું પિયર પાટડીમાં છે તેમની મોટી પુત્રી પાર્વતીની ઉંમર ૧૮–૧૯ વર્ષની છે. પુત્રી પાર્વતીને ૮–૯ વર્ષની ઉંમરમાં મરાઠી અને ગુજરાતીનું થોડું જ્ઞાન મળવા બાદ જલંદર કન્યા મહાવિદ્યાલયમાં મૂકવામાં આવી જ્યાં તેણે ૯ વર્ષ રહી હિન્દી, સંસ્કૃત અને ઇંગ્રેજીનો અભ્યાસ કર્યા બાદ ગત વર્ષમાં વિદ્યાલય છોડી પિતાને ઘેર આવી રહી.

આશરે પાંચ વર્ષ ઉપર હું યેવલા સમાજના મહોત્સવ પ્રસંગે ગયેલો તે વખતે મ. એકનાથજીના ઘેર ગયો. મારી સાથે લેવા અને કડવા પાટીદાર કોમના પાંચ ગૃહસ્થો

હતા. મં તે વખતે મ૦ એકનાથજીને પુછ્યું કે, પુત્રી પાર્વતી કન્યા મહાવિદ્યાલયમાં રહી જે જ્ઞાન મેળવશે તેના પ્રમાણમાં જ્ઞાન મેળવેલો મુરતીઓ તમને કડવા પાટીદાર કોમમાંથી મળી શકશે ?

આ મારા પ્રશ્નના જવાબમાં મ૦ એકનાથજીએ કહ્યું કે મારી ફરજ છે કે મારે મારી પુત્રીને લાયકનો જ પતિ શોધીને પરણાવવી, પણ તે કરતાં વધારે ઉત્તમ તો એજ છે કે પુત્રી પાર્વતીએ પોતેજ પોતાને લાયકનો પતિ હરકોઇ જ્ઞાતિમાંથી શોધી લેવો.

ગુણ, કર્મ, સ્વભાવ, રૂપ રંગ અને ઉમ્મરનાં કજોડાંતો આપણી જ્ઞાતિમાં સેંકડે ૯૫ ટકા થાય છે, જેથી વારંવાર છુટાછેડા કરી એકજ જન્મમાં જીવતે પતિએ રંડાપો ભોગવી એક કરતાં વધારે પતિને કડવા પાટીદાર કોમની બાળાઓ પ્રાપ્ત કરે છે તેમાંથી મારી પુત્રી બચી જાય એમ હું ઇચ્છુંછું. છતાં પણ તમે મારા મિત્ર હોઇ પુત્રી પાર્વતી માટે કાળજી ધરાવો છો તો આપણી જ્ઞાતિમાંથી કોઇપણ લાયક મુરતીઓ જણાય તો મને સૂચના કરશો જેથી હું આભારી થઇશ.

મહાશય એકનાથજીને જ્યાં સુધી પુત્રી પાવતી કન્યાવિદ્યાલયમાં હતી તે દરમ્યાન કોઇપણ જ્ઞાતિ બન્ધુ યા સંબંધી તરફથી કોઇ પણ મુરતીયા માટે ભલામણ કરવામાં આવતી તો તે વખતે મ૦ એકનાથજી બેદરકારીથી જવાબ આપતા હતા કે હજુ બાળક છે અને જાણે છે ભણીને આવ્યા પછી જ લગ્ન કરવાના છે. જો મુરતીયો લાયક હોય તો તેણે ધીરજ રાખવી.

કડવા પાટીદારો કે જેઓ પોતાના દીકરા દીકરીને ભણાવવા કરતાં પરણાવવાની વધારે કાળજી ધરાવે છે તેઓ મહાશય એકનાથજીની ઇચ્છા મુજબ ધીરજ રાખી બેસી રહે એ કડવા પાટીદાર માટે તો અશક્યજ હતું.

એક સંબંધીએ તો ખાસ ભાર મુકીને કહેલું કે જો તમે આપણી કુળવાન નગરીના અમુક અમુક કુલવાન ગણાતાં કુટુંબમાં તમારી દીકરીને આપશો તો અમારા અને તમારા વચેનો સંબંધ જળવાઇ રહેશે. એટલુંજ નહીં પણ ભવિષ્યમાં તમારા દીકરાને સારા આબરૂદાર કુટુંબની કન્યા મળશે જેથી તમારી ઇજ્જત આબરૂમાં હાલ છે તે કરતાં વિશેષ વધારો થશે.

મ૦ એકનાથજી પોતાના કુટુંબ સાથે આપણી કુળવાન નગરીમાં જઇ તપાસ કરવા લાગ્યા તો તેમને જણાયું કે અસલના વખતમાં કદાચ તેઓ કુળવાન હશે પણ હાલમાં તો તેઓ સત્રળા રાજવંશી હોય તેમ જણાય છે. આગળના વખતના રાજાઓ ઘણી રાણીઓ પરણતા હતા છતાં પણ વેશ્યાઓ રાખી રાણીઓના સમુહમાં વધારો કરતા હતા. તે મુજબ આપણા આ કુલવાનો ઘણી સ્ત્રીઓ ધરાવતા હોવા છતાં પણ હરકોઇની ખુબસુરત સ્ત્રીને છુટા છેડા કરાવી લાવતા હોવાના અનેક બનાવો જોયા અને સાંભળ્યા જેથી મ૦ એકનાથજી તો ગાભરાજ બની ગયા.

પુત્રી પાર્વતીને તેની સાહેલી મારફત આ આપણા કુળવાન અને દ્રવ્યવાન ગણાતા રાજવંશીઓ માટે પુછવામાં આવ્યું જ્યારે પુત્રી પાર્વતીએ જવાબ આપ્યો કે કુલાભિ-

માનમાં અને દ્રવ્યાભિમાનમાં મદોન્મત બનેલા અનેક સ્ત્રીઓ કરનારા અને એક પછી એક છાંડનારા મને જોઇતા નથી. હું તમારી ગાય છઉં. તમારો ધર્મ છે કે મને ગૌરક્ષ દિલીપ જેવા ધર્માત્માની ભૂમિમાં અને તે પણ જે ભૂમિમાં પુષ્કળ ઘાસ અને જળ હોય, સિંહ, વાઘ, વરૂ વીગેરે હિંસક પ્રાણી વસતાં ન હોય તેવી નિર્ભય ભૂમિમાં છોડી દેવી.

મ૦ એકનાથજી નાસીપાસ થઇ સ્વદેશ પધાર્યા. પરમાત્માએ પુત્રી પાર્વતી માટે યોગ્ય પતિ યેવલામાંથી મેળવી આપ્યો. મ૦ એકનાથજીના બાળ મિત્ર જ્ઞાતે લેવા પાટીદાર જગજીવનભાઇ ખેમચંદના જ્યેષ્ટ પુત્ર **મેધાવૃત** જેઓ વૃન્દાવન ગુરૂકુળમાં બ્રહ્મચર્યાશ્રમમાં રહી વિદ્યાભ્યાસ કરતા હતા, તેઓની ઉમર ૨૩ વર્ષની થઈ હતી. ગુરૂકુલના નિયમ પ્રમાણે જ્યાં સુધી બ્રહ્મચારી ગુરૂકુળમાં હોય ત્યાં સુધી વિવાહ અને લગ્ન કરી શકાય નહિં. તેમ તેનાં માતા પિતાથી વિવાહ સંબંધ જાહેરમાં કરી શકાય નહીં જેથી ખાનગી રીતે મ૦ એકનાથજીએ પુત્રી પાર્વતીની સંમતિ મળતાં મ૦ જગજીવનભાઈના પુત્ર બ્રહ્મચારી મેધાવૃત સાથે સંબંધ કરી રાખ્યો.

બ્રહ્મચારી મેધાવૃતનો અભ્યાસ પુરો થતાં તેઓ પિતાના ઘેર આવ્યા. તેઓએ બાળ વયમાં માતૃભાષા ગુજરાતી અને દેશ ભાષા મરાઠીનું જ્ઞાન મેળવી ગુરૂકુળમાં વાસ કર્યો હતો. ગુરૂકુળમાં રહી હિન્દી અને સંસ્કૃતનો પુર્ણ અભ્યાસ કર્યા બાદ ઈંગ્રેજીનું પણ જ્ઞાન મેળવ્યું છે. સંસ્કૃતના તેઓ શીઘ્ર કવી છે. સૌ૦ પાર્વતીની ઉંમર ૧૮–૧૯ વર્ષની છે અને શાસ્ત્રી મેધાવૃતની ઉમર ૨૪—૨૫ વર્ષની છે. ગુરૂકુળમાંથી આવ્યા બાદ તેમના પિતાએ સૌ. પાર્વતી સાથે સંબંધ કરી રાખ્યાનું તેમને પ્રદર્શિત કર્યું જેનો તેઓએ સ્વીકાર કર્યો એટલે ચૈત્ર વદ ૨ ચંદ્રવાર તા. ૯–૪–૧૭ ના રોજ સાંજે ૭ વાગે આર્યસમાજ મંદિરમાં તે બંને સુશિક્ષીત વરકન્યાનાં વેદવિધીથી લગ્ન કર્યા.

મુંબઇ સમાજના કેટલાક આગેવાનોએ સાંટાક્રુઝ ગુરૂકુળનો મહોત્સવ બાદ મુંબઇ સમાજમાં લગ્ન કરવા માટે વરવધુના માતાપિતાને વિનતી કરેલી હોવાથી બંને મિત્રોએ વિચાર્યું કે યેવલામાં લેવા કડવા પાટીદારના આશરે ૧૦૦ ઘર છે તેની વચમાં લગ્ન કરવા કરતાં મુંબઇ સમાજમાં લગ્ન કરવાથી જનસમાજમાં વધારે સારો પ્રભાવ પડશે. આવા હેતુથીજ તેઓએ મુંબઈ સમાજના આગેવાનોની વિનંતીનો સ્વીકાર કર્યો.

લગ્ન પ્રસંગે આર્યસમાજ મંદિરનો હોલ સ્ત્રીઓ અને પુરૂષોથી ચીકાર ભરાઇ ગયો હતો. કડવા અને લેવા પાટીદારોની પણ સારી હાજરી હતી. અમદાવાદ નિવાસી શેઠ કેશવલાલ જીવાભાઇ પોતાને કામ પ્રસંગે પુના જવાનું હતું છતાં મુલતવી રાખી લગ્ન પ્રસંગે પધારી બંને કુટુંબીઓમાં કુટુંબીજન તરીકેજ ભેળાઇ જઇ વરવધુની પાસે બેસી દરેક કાર્યવાહીમાં સહાયક બન્યા હતા જે જોઈ ઘણો આનંદ થતો હતો.

લગ્ન થયા બાદ ડૉ. કલ્યાણદાસ જે. દેસાઇએ બંને કુટુંબની ઓળખાણ અને ટુંક જીવન વૃતાંત કહી સંભળાવી વરવધુને ચાર વેદની મુળ સંહિતાના ચાર પુસ્તક દાનમાં આપ્યાં ત્યારબાદ સૌ. પાર્વતીએ પોતાને હાથે હારમોનીયમ વગાડી હિંદી ભાષામાં ઇશ્વર પ્રાર્થના **કરી સભાજનોનો ઉપકાર માન્યો. પછી શાસ્ત્રી મેધાવૃતે પોતેજ બનાવેલ કાવ્યબદ્ધ શ્લોકમાં ઇશ્વર પ્રાર્થના કરી સભાજનોનો ઉપકાર માન્યો.**

છેવટમાં મ૦ એકનાથજીએ પોતાનું અને મ૦ જગજીવનભાઇનું જીવનવૃતાંત કહી બતાવવા સાથે જણાવ્યું કે અમો બંનેએ દીકરા દીકરીને ગુરૂકુળમાં મુકયા તે વખતે વિચાર કરેલો હતો કે જો બંને પોતાની યોગ્યતા પ્રમાણે પુર્ણ વિદ્યાભ્યાસ કરે અને બંનેના ગુણ, કર્મ, સ્વભાવ મળતા આવે તો ભવિષ્યમાં લગ્ન કરીશું પણ જો અરસપરસમાં કોઈપણ રીતનું કજોડું થાય તો તે વખતે તેઓ સ્વતંત્રપણે ગમે ત્યાં લગ્ન કરી લે. મને મારા સંબંધી અને મિત્રો તરફથી અનેક સલાહ મળતી તે માટે તેઓનો હું આભાર માનુંછું પણ તેઓની સલાહથી મારૂં તેમજ મારી સ્ત્રી અને પુત્રીના મનનું સમાધાન થતું નહોતું. જ્યારે પુત્રી પાર્વતી મારે ઘેર આવી ત્યારે સ્નેહીઓ તરફથી તેના માટે અનેક સલાહ મળતી જેથી મારી ફરજ હતી કે મારે તપાસ તો કરવીજ જોઇએ. વળી શાસ્ત્રી મેધાવૃત ગુરૂકુળમાં હોવાથી તેના સાથે કાંઇ પણ વિવાહ કે લગ્ન સંબંધી વાતચીત થઇ શકે નહીં એવો ગુરૂકુળનો પ્રબંધ હોવાથી આખરે તેઓ ગુરૂકુળ છોડે ત્યાં સુધી કાંઈ પણ નિશ્ચય કરી શકાયો નહિ. ડો૦ કલ્યાણદાસજી અને પંડિત બાલકૃષ્ણજીએ મારી વિનંતી ઉપરથી મ૦ જગજીવનભાઈ સાથે વિવાહ પ્રબંધ કરાવી આપ્યો પણ શાસ્ત્રી મેધાવૃત તે વાત સ્વીકારે કે નહિ એ શંકા હતી, જેથી તેઓશ્રી બ્રહ્મચર્યાશ્રમ છોડી ઘરે આવ્યા તેજ વખતે ડો૦ કલ્યાણદાસજી અને પંડિત બાલકૃષ્ણજીએ મારી પુત્રી પાર્વતી અને જગજીવનભાઇના પુત્ર શાસ્ત્રી મેધાવૃતની સંમતી મેળવી વિવાહ પ્રબંધ જાહેર કર્યો અને આજે તેઓશ્રીના હાથેજ લગ્ન કરવામાં આવ્યાં છે જેથી હું તેઓશ્રીનો મહાન ઉપકાર માનુંછું. આ પછી મ૦ એકનાથજી અને મ૦ જગજીવનભાઇએ મળી લગ્નકાર્યવાહી કરાવનારા ચારે પંડિતોને યથાશક્તી દાન આપ્યું.

લી૦ એક જ્ઞાતિ શુભેચ્છક.

---

શ્રી

તત્સત્પરમાત્મને નમઃ

# પાદરાની સમાજ વખતે ભરૂચવાળા પા. ચુનીલાલ વનમાળીદાસે આપેલું ભાષણ.

આત્મવત્ સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ ! પરમાત્માની કૃપાથી ઘણે દીવસે આપની સેવા બજાવવા મને આ તક મળી છે, તેથી હું અહોભાગ્ય માનુંછું. મારા વડીલ બંધુઓએ જે જે પકવાન આપના સમક્ષ પીરસ્યાં છે તેમાં આ તો માત્ર ચટણી સમાન છે.

પકવાનનું નામસ્મરણ કર્યાથી કે પાકશાસ્ત્રનાં પોથાં ભણ્યાથી તૃપ્તી થતી નથી; તેજ પ્રમાણે સુધારાની વાતો કર્યાથી કે ભાષણોથીજ માત્ર કાર્યસીદ્ધી થતી નથી પરંતુ રોટલો કરીને ખાધાથીજ તૃપ્તી થાય છે તેજ પ્રમાણે થોડુ થોડું વર્તનમાં જો મુકાય તોજ અર્થસીદ્ધી થાય છે.

કહેણી મીસરી ખાંડ છે, રહેણી તાતા લોહ;
કહેણી કથે રહેણી રખે, એસા વીરલા કોય.

એ વાકયાનુસાર હવે બહુ કહેવાઇ ગયું છે પરંતુ હવે વર્તનમાં મુકવા કટી કસવાની જરૂર છે, દરેક કાર્યમાં સુધારા વધારાની જરૂર છે અને તેજ પ્રમાણે આ બાળલગ્નરૂપી અહીત કરનાર જુના ઝેરી નાગનો પણ યુક્તીથી નાશ કરવાની જરૂર છેજ. બંધુઓ! આ રીવાજને નીભાવનાર બાર વર્ષના લગ્નનો રીવાજ જે સંબંધી દુનીયાની બીજી કોમોને લાગતું વળગતું નથી તેનેજ નીર્મૂળ કરવા આપણે હજુ કેટલોક સમય જોઈશે. છતાં તે રીવાજ કેમ થયો, કયાંથી થયો, કયારે થયો, એ સંબંધી વિચારમાં હવે વધુ વખત ન ગાળતાં એકદમ હવે તે, આ સુધરેલા જમાનામાં નિરૂપયોગી છે એમ માની તેનો સત્વર ત્યાગ કરવો યોગ્ય છે, કેમકે કુવામાં પડેલો અંદર રહ્યો રહ્યો કુવો કોણે બાંધ્યો, કયારે બાંધ્યો વગેરે પંચાત કરે તો ડુબી મરે. માત્ર તેણે કાઢોરે કાઢો, એમજ બુમ મારી નીકળવાજ પ્રયત્ન કરવાની જરૂર છે. બંધુઓ! કુધારાઓ કેમ પેસે છે, એ સબંધી વિચાર કરવાની જરૂરજ નથા કેમકે પારસી વીગેરે દરેક સુધરેલી કોમમાં પણ હાલ વરવિક્રય જેવા કુધારા પેસી ગયા છે. માટે આપણી ન્યાતોના બેદરકાર આગેવાનોની ન્યાતને વાળી ઝુડી સાફસુફ રાખવામાં જે આળસ એજ આનું મુખ કારણ છે. બુદ્ધિશાળી આગેવાનો આપણીજ તંદુરસ્તી માટે મ્યુનીસીપાલીટી અર્થાત્ સુધરાઇની યોજના કરે છે ત્યારે પણ આપણે તેની વિરૂદ્ધ પ્રથમ તો થઇએ છીએ, પરંતુ જ્યારે સુધરાઇના લાભ આપણે જોઇએ છીએ ત્યારે તે આગેવાનોની આપણે પ્રસંશા કરીએ છીએ, માટે દરેક નવા સુધારા વિરૂદ્ધ આપણે થયા વીના રહ્યાજ નથી. કેમકે મંદ બુદ્ધિનો પરંપરાનોજ એ માર્ગ છે છતાં જે સુજ્ઞ મિત્રો અત્રે પધાર્યાં છે તેમણે તો અહીં પધારી આ ઠરાવોમાં પ્રેમથી સંમતિ આપી છે એમ સ્પષ્ટ પ્રદર્શીત કર્યું છે તો હવે હું ધારૂં છું કે આ દુષ્ટ કુધારા હવે સત્વરજ નિર્મૂળ થશેજ. આ કુધારાએ અમારી ભરૂચની જ્ઞાતિનું ધીરે ધીરે નિકંદન કાઢયું છે. ભરૂચમાં છસોથી સાતસો ઘર સુધીની વસ્તી હતી, તેની માત્ર હાલ સીત્તેર ઘરનીજ વસ્તી રહી છે. હવે તો હમારે સત્વરજ ચેતવાની જરૂર છે અને જે એક બનાવ બે વર્ષ પૂર્વે બન્યો હતો, તે બનાવથી હિંમતવાન થઈ આ મહા માસમાંજ એક આનંદ ઉપજાવનારો બીજો બનાવ બનવાની શુભ ખબર આપને આજે આપું છું. પરમાત્માની આપેલી આપણી કડવા પાટીદારની બહોળી નાતને નાના નાના જથાઓએ કફોડી સ્થિતિમાં મુકવા માંડી છે એવા જથાઓ બંધાવાનું મુખ્ય કારણ આપણા આ શહેરના વતનીઓજ છે. અમો જ્યાં સુધી તેમને કુળવાન માનતા હતા ત્યાં સુધી અમે તો વ્યાજબીજ કરતા હતા પરંતુ જ્યારથી તેઓએ પોતે પણ પોતાને કુળવાન માનવા માંડયા ત્યારથી આ પાયમાલી થઈ છે. આવા ન તુટે એવા વજ્ર જેવા જથાના બંધારણને તોડી શ્રીયુત્ મોહનલાલ ત્રીભોવનદાસે મહાન કાર્ય કર્યું હતું તે સર્વને વીદીતજ છે તેજ પગલાંનું અનુકરણ કરી ભરૂચનાં મારા મિત્ર ભોગીલાલ માણેકલાલ ગાંધીએ પોતાની બ્હેનને ભાવનગરવાસી ન્યાતમાં પ્રસીદ્ધ હરજીવનદાસ ભગવાનદાસના પુત્ર અમૃતલાલ હરજીવનદાસ એમ. બી. બી. એસ. ની સાથે પોતાનાં ભગિની વિજ્યાને આપી ખોટી કુળવાનતાપર કુહાડો મારી મોટી સેવા બજાવી છે. તે પોતે ત્યાંજ અટકયા નથી. 

પરંતુ પોતાના ભાઇ છગનલાલ જે હાલ મુંબઇ અભ્યાસ કરે છે, તેમનું આ મહા માસમાં છુટુ લગ્ન કરી બીજી પણ સેવા બજાવનાર છે. તેમને ધન્ય છે. પણ તેમના કરતાં કરોડો વાર ધન્યવાદ તો મારા સુજ્ઞ મિત્ર વડોદરાવાસી માસ્તર પુરૂષોત્તમદાસને આપું છું. કેમકે આજકાલના કહેવું પણ કરવું નહી,

બીજાને આપે બ્રહ્મ જ્ઞાન, પણ આપણ કારા પાષાણ.

એવા કે જેમને મહાત્મા કબીર કહે છે કે—

દોહા.

કહેતા પણ કરતા નહિ, મુખકા બડા લબાડ;
કાલે મુખ લે જાયગા, સાહેબકે દરબાર.

એવાઓમાંથી–પોતાના સાંકડા જથારૂપ એક ખાબોચીયામાંથી નીકળી, મોતામાં ભરાયેલી પાટીદાર પરીષદ્‌માં પાદરા પરીષદના આગેવાન રાજ્યમાન તુલજાભાઈ નાથાભાઇએ અને વડોદરાના પા. પુરૂષોત્તમ હરગોવીંદદાસે છુટા લગ્ન કરવાની રા. બા. ગોવીન્દભાઇ હાથીભાઇ દેશાઈ સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી. રા. પુરૂષોત્તમભાઇ વડોદરાવાળાએ પોતે લીધેલી પ્રતિજ્ઞા પાળી બતાવવા પોતાની સુશિક્ષિત કન્યા શારદાનું લગ્ન બાર વર્ષનો પ્રતિબંધ તોડી કરવાનો નિશ્ચય કરી ચુકયા છે. પ્રભુ કૃપાએ આ પરીષદમાં આ બનાવ અપૂર્વ શોભા રૂપ છે અને એથી વધુ એ જોડું આવતી પરીષદમાં ભાગ લઇ વધુ શોભા આપશે. હવે તો બાકી રહેલા પ્રતિજ્ઞા લઇ બેઠેલા તુલજાભાઇ પણ આજ પગલે ચાલી આ સુધારાને ટેકો આપશેજ. એવી મારી લીધેલી પ્રતીજ્ઞામાં દૃઢ રહેવા તેમને વિનંતિ છે. વળી વધુ ભાર મુકી મારે આ બાબતમાં એ વિનંતી છે કે ભરૂચની જે યુવકમંડળીએ આ સુધારામાં મને સહાનુભુતિ આપી કોઇ રીતે અડચણ ન કરી તેથીજ આ બીજું લગ્ન થાય છે. તેથી તે મારી ભરૂચની સુજ્ઞ યુવક પાટીદાર મંડળીને સર્વેએ ધન્યવાદ આપવો ઘટે છે. આજ મંડળીના શુભ પ્રયત્નથી તથા લેઉવા પાટીદાર જ્ઞાતિના શેઠ નાથાભાઇ બાપુભાઇની મોટી સહાયથી ભરૂચમાં એક બોરડીંગ ખોલવા ભાગ્યશાળી થયા છીયે. તે બોરડીંગમાં હાલ ચોવીસ વીદ્યાર્થી લાભ લે છે. બોરડીંગ જોવા જેવી બની છે. અને આવું ને આવું કામ ચાલશે તો તે બોરડીંગ આખા ગુજરાતની સર્વે બોરડીંગોમાં ઉત્તમ વ્યવસ્થાવાળી ગણાશે.

આ બોરડીંગમાં આપણા કડવા પાટીદારોએ પોતાના બાળકોને લાભ લેવા મોકલવા એ તેમની ખાસ ફરજ છે. એ ફરજ હજુ બરાબર બજાવાતી નથી અને તેથી આ સુચનાથી જાગૃત થઇ બોરડીંગની વ્યવસ્થા નજરે જોઇ ત્યાં બાળકોને સત્વર મોકલવા પ્રયત્ન કરવો જોઇએ. દરેક ગામમાંથી છેવટ બે બે વીદ્યાર્થીતો જરૂર મોકલવાજ એવી મારી વીનંતી છે. બાળ લગ્નમાં હેતુભૂત આ બાર વર્ષનાં લગ્ન નીર્મૂળ કરવા જ્ઞાન અને પ્રયત્ન વિનાજ ઢીલ થાય છે. તે આગેવાન પટેલીઆઓએ ધ્યાનમાં રાખી નીચેની કવિતામાં નીંદવા યોગ્ય પટેલીઆઓમાંથી પોતાનું નામ રદ કરવા પ્રયત્ન કરવો જોઇએ.

અપૂર્ણ.